


# પીડિત માહિતી માર્ગદર્શિકા

જ્યારે બળાત્કાર અથવા જાતીય ગુનાનો પોલીસને રિપોર્ટ કરવામાં આવે ત્યારે શું થાય છે

# આ માર્ગદર્શિકા જાતીય ગુનાઓ માટે પોલીસ તપાસની પ્રક્રિયા અને તમે શું અપેક્ષા રાખી શકો છો તે સમજાવે છે.

**તમારે આ માર્ગદર્શિકા એકસાથે વાંચવાની જરૂર નથી. તમારી પાસે રાખો અને તપાસ આગળ વધે તેમ તેના પર પાછા આવો.**

પોલીસની સાથે વાત કરવા માટે હિંમતની જરૂર પડે છે અને પોલીસ તપાસમાં ભાગ લેવો મુશ્કેલ અને પડકારજનક હોઈ શકે છે.

આ માર્ગદર્શિકા પોલીસ તપાસ પ્રક્રિયાની મૂળભૂત વિગતો ધરાવે છે અને તમને ઉપયોગી થઈ શકે તેવી વધુ વિગતવાર માહિતી માટે દિશા નિર્દેશ કરે છે. તે તમને પોલીસ તપાસ પ્રક્રિયામાંથી પસાર થવામાં મદદ કરવા માટે મળી શકે તેવી કેટલીક સહાય વિશે પણ જણાવે છે.

તપાસ વિશે તમારી પાસે કોઈ સવાલો હોય તો તમારા પોલીસ ઓફિસરને પૂછો. તમે એક ઈન્ડિપેન્ડન્ટ સેક્સ્યુઅલ વાયોલન્સ એડવાઈઝર અથવા એડવોકેટ (ISVA) નામના એક સપોર્ટ વર્કર પાસેથી પણ માહિતી મેળવી શકો છો.

ISVAs વિશે વધુ માહિતી **પૃષ્ઠ 10** ઉપરથી મેળવો.

તમે આ માર્ગદર્શિકામાં કેટલીક લિંકો જોશો કે જેમાં 'મહિલાઓ અને બાળકીઓ'નો ઉલ્લેખ કરવામાં આવેલ હશે, પરંતુ આ માહિતી દરેક લિંગની વ્યક્તિઓ માટે મદદરૂપ છે.

**પૃષ્ઠ 16 થી 19** ઉપર અને ગાઈડના અંતે (**પૃષ્ઠ 53 જુઓ**) મદદ માટેની અને વિશેષ સેવાઓ માટેની લિંક્સ છે.

લિંક્સ અંગ્રેજી ભાષાની વેબસાઈટ ઉપર લઈ જાય છે.

# લખી રાખવાની ઉપયોગી બાબતો

જ્યારે તમને અપડેટ કરવા માટે જવાબદાર પોલીસ અધિકારી પુષ્ટિ મળે ત્યારે તમે તેમની સંપર્ક વિગતો નીચે લખી શકો છો.

| | |
|---|---|
| તમારા પોલીસ ઓફિસર: | |
| ઈમેઈલ એડ્રેસ: | |
| ફોન નંબર: | |

પોલીસ તમારા કેસને એક ક્રાઈમ રેફરન્સ નંબર (CRN) આપશે. આ અનોખો નંબર ઓફિસરોને તેમની ફાઈલમાં તમારા કેસને શોધવામાં મદદ કરશે, આથી જો તમે તમારા કેસ વિશે પોલીસને કોલ કરો ત્યારે તે ઉપયોગી રહે છે.

તમારા CRN નંબર માટે પૂછો અને તેને લખી લો

| | |
|---|---|
| CRN: | |

તમે કદાચ એક ISVA ના ઈચ્છતા હોવ, અથવા તમને ટેકો આપવા માટે એક ઉપલભ્ય થાય તે માટે તમારે કદાચ રાહ જોવી પડે. જો તમારી પાસે એક ISVA હોય, તો તમે તેઓની સંપર્કની વિગતો નીચે લખી શકો છો

| | |
|---|---|
| તમારા ISVA: | |
| ઈમેઈલ એડ્રેસ: | |
| ફોન નંબર: | |

# અનુક્રમણિકા


**તપાસ પ્રક્રિયાની રૂપરેખા 6**

**ટેકો અને સલાહ મેળવો 10**

ઈન્ડિપેન્ડન્ટ સેક્સ્યુઅલ વાયોલન્સ એડવાઈઝર્સ અથવા એડવોકેટસ (ISVAs) 10

પોલીસ સાથે વાતચીત કરવામાં મદદ 13

ઈન્ડીપેન્ડન્ટ નેશનલ સપોર્ટ સર્વિસીઝ 16

**પોલીસને રિપોર્ટ (ફરિયાદ) કરો ત્યાર પછી શું થાય છે 20**

પોલીસ સાથે પહેલો સંપર્ક 20

ફોરેન્સિક અને તબીબી તપાસ 22

પોલીસ તપાસની શરૂઆત 23

તમારો ઈન્ટરવ્યૂ 24

**શંકાસ્પદ વ્યક્તિનું શું થાય છે? 28**

પોલીસ તમને અથવા અન્ય વ્યક્તિઓને કેવી રીતે સુરક્ષિત રાખશે? 28

**બાકીની તપાસ (તમારા ઈન્ટરવ્યૂ પછી)** **32**

તમારા ફોન અને અન્ય અંગત રેકર્ડમાંથી પુરાવા 32

ચાલુ પોલીસ તપાસ 34

**પોલીસ નિર્ણયો અને કેસના પરિણામો** **37**

તમારા કેસ સાથે શું કરવું તેનો નિર્ણય પોલીસ કેવી રીતે લે છે. 37

જો CPS શંકાસ્પદ વ્યક્તિં ઉપર આરોપ મુકે તો શુ થાય છે 39

કોર્ટમાં જવું 40

**અન્ય સંભવિત પરિણામો** **47**

શંકાસ્પદ વ્યક્તિને તમારો સંપર્ક કરતાં અટકાવવા માટે સિવિલ ઓર્ડરનો ઉપયોગ કરવો 47

વળતર માટે અરજી કરવી 48

**ઉપયોગી સંપર્કો અને લિંક્સ** **49**

પ્રતિસાદ કેવી રીતે આપવો અથવા ચિંતાઓ કેવી રીતે જણાવવી 49

એક ઔપચારિક ફરિયાદ કરવી 51

**મદદ અને સ્થાનિક માહિતી** **53**

# તપાસ પ્રક્રિયાની રૂપરેખા

## પોલીસને રિપોર્ટ કર્યો

### જો પોલિસ નક્કી કરે કે 'ફર્સ્ટ રીસ્પોન્સ – પહેલો પ્રતિસાદ)' જરુરી છે: પહેલો પ્રતિસાદ (પૃષ્ઠ 20)

પ્રતિસાદ ટીમના ઓફિસરો એ તપાસે છે કે તમે સલામત છો અને કોઈપણ ફોરેન્સિક પુરાવા એકઠા કરે છે. તેઓ તમને કદાચ એક ફોરેન્સિક તપાસ માટે લઈ જાય. આમ તમારી પરવાનગી હશે તો જ થશે

### પોલીસ તપાસ (પૃષ્ઠ 23)

- તમને પ્રક્રિયા સમજાવવા માટે તપાસ ટીમના એક ઓફિસર તમને મળશે – પૃષ્ઠ 23 જુઓ
- બધા જ પુરાવા ભેગાં કરવામાં ઘણો સમય લાગી શકે છે. તમારી પાસે ટેકો હોય તે અગત્યનું રહેશે – પૃષ્ઠ 12 જુઓ
- એક ઓફિસર કેસની સમીક્ષા માટે તેને સુપરવાઈઝર પાસે મોકલશે. સુપરવાઈઝર નક્કી કરશે કે તમારા કેસને આરોપ મુકવાના નિર્ણય માટે ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ (CPS) પાસે મોકલવો કે નહીં.– પૃષ્ઠ 37 જુઓ

## સંભવિત પરિણામો

**પોલીસ તપાસના બે મુખ્ય સંભવિત પરિણામો (પૃષ્ઠ 37):**

- પોલીસ નક્કી કરે કે આરોપ મુકવાના નિર્ણય માટે તમારા કેસને ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ (CPS) પાસે ન મોકલવામાં આવે અને શંકાસ્પદ વ્યક્તિ સામે 'આગળ કોઈ પગલાં ન લે (નો ફરધર એક્શન (NFA))'
- પોલીસ તમારા કેસને CPS પાસે મોકલે. CPS તમારા કેસના દરેક પુરાવાની સમીક્ષા કરે છે અને નક્કી કરે છે કે શંકાસ્પદ વ્યક્તિ ઉપર ગુનાનો આરોપ મુકવો જોઇએ કે નહીં.

**જો CPS કેસની સમીક્ષા કરે તો ત્રણ સંભવિત પરિણામો છે (પૃષ્ઠ 37 જુઓ)**

- CPS નક્કી કરે કે શંકાસ્પદ વ્યક્તિ સામે કોઈ આરોપ મૂકવો નહીં અને તેઓ સામે આગળ કોઈ પગલાં લેતા નથી.
- CPS એમ માને છે કે પુરાવાઓ ખુટે છે અને પોલીસને વધુ પુરાવા ભેગા કરવા માટે કહે
- CPS શંકાસ્પદ વ્યક્તિ ઉપર આરોપ મૂકવાનું નક્કી કરે અને કોર્ટની પ્રક્રિયા શરૂ થાય છે. આરોપ મૂક્યા પછી, શંકાસ્પદ વ્યક્તિને 'આરોપી' કહેવામાં આવે છે.

# તપાસ પ્રક્રિયાની રૂપરેખા

**જો શંકાસ્પદ વ્યક્તિ ઉપર આરોપ મૂકવામાં આવે તો સંભવિત મુખ્ય ત્રણ પરિણામો છે (પૃષ્ઠ 41 જુઓ):**

- આરોપી દોષ કબૂલ કરે છે, અને તેમને સજા કરવામાં આવે છે.
- આરોપી દોષિત ન હોવાની રજૂઆત કરે છે. કેસ સુનાવણીમાં જાય છે. આરોપી દોષિત ઠરે છે અવને તેઓને સજા કરવામાં આવે છે.
- આરોપી દોષિત ન હોવાની રજૂઆત કરે છે. કેસ સુનાવણીમાં જાય છે અને આરોપી નિર્દોષ સાબિત થાય છે. તેઓને કોઈપણ આગળ કાર્યવાહી વિના છોડી દેવામાં આવે છે.

**જ્યારે કોઈ દોષી હોવાની કબૂલાત કરે અથવા દોષી ન હોવાની રજૂઆત કરે ત્યારે ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ તરફથી શું પગલાં લેવાય છે તે જાણવા માટે QR કૉડ સ્કૅન કરો અથવા આ લિંક અનુસરો.**

## તપાસની પૂરેપૂરી પ્રક્રિયા દરમિયાન તમારી પાસે અધિકારો છે

પોલીસ તપાસ દરમિયાન તમારી પાસે તમને ચોક્કસ મદદ અને તમારી સાથેની વર્તણૂંકના ચોક્કસ ધોરણો મળે તેનો અધિકાર છે. આ **ઇંગ્લેન્ડ અને વેલ્સમાં ગુનાના પીડિતો માટેની આચાર સંહિતામાં** નક્કી કરાયેલ છે (ધ વિક્ટીમ્સ કોડ, કેટલીક વખત તેને VCOP તરીકે ઓળખાય છે). gov.uk ની વેબસાઈટ ઉપર વિક્ટીમ્સ કોડ વાંચવા માટે **QR કોડ સ્કેન કરો અથવા આ લિંકને અનુસરો.**

Rights of Women (મહિલાઓના અધિકારો) **નામની ચેરિટી તરફથી 'From Report to Court – રિપોર્ટ આપવાથી કોર્ટમાં જવા સુધી' નામની એક ઉપયોગી પુસ્તિકા પણ છે.** પુસ્તિકા તમને વિગતવાર તમારા અધિકારો સમજાવે છે અને તેને સમજવા માટે મદદ કરી શકે તે માટે ઉદાહરણો આપે છે.

જો ન્યાય પ્રક્રિયા વિશે તમારે માહિતીની જરૂર હોય, તો QR કોડ સ્કેન કરો અથવા **CPSની વેબસાઈટ જોવા માટે આ લિંક અનુસરો** અથવા તમારા પોલીસ ઓફિસર સાથે અથવા ઈન્ડિપેન્ડન્ટ સેક્સ્યુઅલ વાયોલન્સ એડવાઈઝર અથવા એડવોકેટ (ISVA) સાથે વાતચીત કરો.

જો તમારી પાસે ઈન્ટરનેટની સુવિધા ન હોય, તો તમારા પોલીસ ઓફિસર પાસે એક છાપેલ કોપીની માંગ કરો.

# ટેકો અને સલાહ મેળવો

## ઈન્ડિપેન્ડન્ટ સેક્સ્યુઅલ વાયોલન્સ એડવાઈઝર્સ અથવા એડવોકેટસ (ISVAs)

એક ISVA જાતીય હિંસાનો ભોગ બન્યા હોય તેવી વ્યક્તિઓ માટેના એક નિષ્ણાત સલાહકાર છે.

**ISVAs તમને નીચેના મારફત ટેકો આપી શકે છે:**

- જાતીય હિંસાની તમારા આરોગ્ય અને સુખાકારી ઉપર થતી અસર સમજવામાં મદદ કરવા મારફત
- ફોજદારી ન્યાય પ્રક્રિયા અને તેના હેઠળ તમારા અધિકારો સમજવામાં મદદ કરવા મારફત
- જ્યાં સંબંધિત હોય ત્યાં અન્ય સેવાઓ જેવી કે રહેઠાણ અથવા ડ્રગ અને આલ્કોહોલની સેવાઓનો ઉપયોગ કરવામાં તમને મદદ કરવા મારફત, ઉદાહરણ તરીકે, તેઓ તમને એપોઈન્ટમેન્ટ બૂક કરવામાં અથવા રેફરલ ફોર્મ્સ મોકલવામાં મદદ કરી શકે છે.
- તમારા વતી પોલીસ અને અન્ય સેવાઓનો સંપર્ક કરવા મારફત, કે જેથી તમારે ઘણી જુદી જુદી વ્યક્તિઓ સાથે વાતચીત ન કરવી પડે. આને 'સિંગલ પોઈન્ટ ઓફ કોન્ટેક્ટ – સંપર્ક માટેની એક જ વ્યક્તિ' હો વુંકહેવામાં આવે છે.
- પોલીસની તપાસ વિશેની તમારી લાગણીઓને સમજવા અને નિયંત્રિત કરવામાં મદદ કરવા મારફત
- તપાસ દરમિયાન અને કેસ કોર્ટમાં જાય ત્યારે તમને મદદ મળી રહે તેની ખાતરી કરવા મારફત, ઉદાહરણ તરીકે 'સ્પેશ્યલ મેઝર્સ – ખાસ પગલાં'

**સ્પેશ્યલ મેઝર્સ વિશે માહિતી વિશે વિક્ટીમ સપોર્ટની માહિતી વાંચવા માટે QR કોડ સ્કેન કરો અથવા આ લિંકને અનુસરો.**

- પોલીસ તપાસ વિશે તમને કોઈ ચિંતા હોય તો તેને વ્યક્ત કરવામાં તમારી મદદ કરવા મારફત
- નિષ્ણાત સહાય પૂરી પાડવા મારફત ઉદાહરણ તરીકે, કેટલાક ISVAs નીચેના પીડિતોને નિષ્ણાત સહાય પૂરી પાડે છે.
  - ડિસેબિલિટી ધરાવતા લોકો
  - એથનિક માઈનોરિટી (વંશીય લઘુમતી)ની પાર્શ્વભૂમિકા ધરાવતા લોકો
  - અસુરક્ષિત ઈમિગ્રેશન દરજ્જો ધરાવતા લોકો, જેઓને પોલીસ કેસ તેને અસર કરશે તેની ચિંતા હોઈ શકે છે
  - જેઓ લેસ્બિયન (સજાતીય સંબંધો ધરાવતી મહિલા), ગે (સજાતીય સંબંધો ધરાવતા પુરુષો) અથવા ટ્રાન્સજેન્ડર (LGBT) હોય
  - જેઓ પુરુષો હોય

**ISVAs શું કરી શકે છે તેની કેટલીક મર્યાદાઓ છે:**

- ISVA સેવાઓ કાઉન્સેલિંગ અથવા થેરાપી જેવી સેવાઓ નથી, તેમ છતાં, ISVAs તમને આ સેવાઓ ઉપર રેફર કરી શકે છે અને તેઓ પાસે ઘણી વખત તેઓની સંસ્થાઓમાં કાઉન્સેલરો (સલાહકારો) હોય છે.
- ISVAs કાનૂની સલાહકારો નથી. તેઓ તમને ફોજદારી ન્યાય પધ્ધતિ વિશે માહિતી આપી શકે છે પરંતુ તેઓએ તમને કાનૂની સલાહ ન આપવી જોઈએ
- તમને ટેકો આપતા ISVA તમારી સાથે કઈ વાતચીત કરી શકે છે તે વિશેના નિયમો છે. જો તમારા કેસના પુરાવા વિશેની વિગતોની તેઓને જાણ થાય, તો તેઓ ત્યારથી તમારા ISVA બન્યા રહેવાનું ચાલુ રાખી શકશે નહીં. ઉદાહરણ તરીકે, જો તમે પોલીસને શું બન્યુ હતું તે કહો ત્યારે તમારી સાથે બેઠા હોય, અને કેસના પુરાવા વિશે તેઓને જાણકારી મળે. આવા સંજોગોમાં, તમને ફોજદારી ન્યાય પ્રક્રિયા દરમિયાન ટેકો આપવા માટે એક બીજા ISVA ફાળવવામાં આવશે.

# ટેકો અને સલાહ મેળવો

- તેઓ શું જાણી શકે અને શું ન જાણી શકે તે વિશે કોઈ સવાલો હોય તો તમે ISVA સાથે વાતચીત કરી શકો છો. જ્યારે તમે પોલીસ સાથે વાતચીત કરો ત્યારે કોઈ બીજી વ્યક્તિ તમારી સાથે હાજર રહે તેના વિકલ્પો માટે તમે એક ISVA અને/અથવા એક પોલીસ ઓફિસર સાથે વાતચીત કરી શકો છો. ઉદાહરણ તરીકે, જો તમે એક મિત્ર અથવા કોઈ બીજા સપોર્ટ વર્કર તમારી સાથે હોય તેમ ઈચ્છતા હોવ.

## મદદ કેવી રીતે મેળવવી

તમારા પોલીસ ઓફિસરે તમને ISVAs વિશે જણાવવું જોઈએ અને તમને પૂછવું જોઈએ કે તમારે ISVA સપોર્ટ માટે રેફર થવું છે. જો તેઓએ આમ ન કર્યું હોય, તો ISVAs વિશે ચર્ચા કરવા માટે કહો. તમે કોઈપણ સમયે ISVA સપોર્ટ મેળવવા વિશે તમારો વિચાર બદલી શકો છો. જો તમે સૌપ્રથમ ISVA સપોર્ટ માટે ના કહો, છતાંપણ તમે પછીથી રેફર કરવા માટે પૂછી શકો છો.

ISVA સપોર્ટ મેળવવા માટે તમારે પોલીસને શું થયું છે તેનો રિપોર્ટ કરવાની અથવા તેમની તપાસમાં મદદ કરવાની જરૂર નથી. પોલીસની મદદ વગર તમે ISVA સપોર્ટ માટે પૂછી શકો છો. દરેક ISVA એક સરખી મદદ પૂરી પાડતા નથી તમે તમારા સ્થાનિક ISVA સેવા પૂરી પાડનારાઓ સાથે તેઓ તમને કઈ મદદ પૂરી પાડી શકે છે તે વિશે વાત કરી શકો છો.

તમને કદાચ ઈન્ડીપેન્ડન્ટ ડોમેસ્ટીક વાયોલન્સ એડવાઈઝર (IDVA). – સ્વતંત્ર ઘરેલુ હિંસા સલાહકાર અથવા એડવોકેટ **પાસેથી સહાય મેળવવામાં પણ રસ હોઈ શકે છે.** QR કોડ સ્કેન કરવા મારફત અથવા **સેફ લાઈવ્સ વેબસાઈટની આ લિંકને અનુસરીને વધુ માહિતી મેળવો**

નિષ્ણાત ISVA સપોર્ટ પૂરી પાડતી સંસ્થાઓ પણ ઉપલબ્ધ છે – **પૃષ્ઠ 16 જુઓ**
ISVA અને IDVAની ઉપલબ્ધતાનો આધાર તમે ક્યાં રહો છો અને તમારા કેસની વિગતો ઉપર રહેશે છતાંપણ, જો તમારી કોઈ પસંદગી હોય તો તમે પોલીસને જણાવો કે તમને કયા પ્રકારના સપોર્ટ વર્કર પસંદ છે.

## પોલીસ સાથે વાતચીત કરવામાં મદદ

જાતીય હિંસા વિશે વાત કરવી મુશ્કેલ હોઈ શકે છે આ તમે જ્યારે પુખ્ત વયના હતા અથવા એક બાળક હતા ત્યારે થયેલ કોઈ બાબત હોઈ શકે છે. જાતીય હિંસા વિશે પોલીસને વાત કરવી ખાસ કરીને મુશ્કેલ હોઈ શકે છે. શું થયું હતું તે વિશે પોલીસને જણાવો ત્યારે તમને વિશ્વાસ હોય તેવી કોઈ વ્યક્તિ તમારી સાથે રહે તેમ તમે કદાચ ઈચ્છો.

શું થયું હતું તે વિશે પોલીસને રિપોર્ટ કરો ત્યારે અને ઈન્ટરવ્યૂ દરમિયાન તમારી પસંદગીની કોઈ વ્યક્તિ તમને ટેકો આપે તે માટેનો અધિકાર તમે ધરાવો છો. અપવાદ છે કે જ્યાં પોલીસને લાગે કે તે તમારા હિતમાં નથી અથવા તે વ્યક્તિ તપાસમાં સાક્ષી હોય.

તમને ટેકો આપનાર તમારા વતી વાત કરી શકતા નથી અથવા પૂછપરછમાં સામેલ થઈ શકતા નથી. છતાંપણ, તેઓ એક મૈત્રીભાવભર્યો ચહેરો બની શકે છે, અને બ્રેક (આરામ) ની માંગણી કરી શકે છે અથવા તમને વ્યવહારૂ મદદ કરી શકે છે, જેવીકે તમને એક પીણું લાવી આપવું.

# ટેકો અને સલાહ મેળવો

## ઈન્ટરમિડીયરીઝ (મધ્યસ્થી)

એક મધ્યસ્થી વાતચીતના નિષ્ણાત છે કે જેઓ તમને પૂછવામાં આવતા સવાલો તમને સમજાવવામાં મદદ કરી શકે છે.

મધ્યસ્થી તમારી સાથે વાતચીત માટેના સર્વોત્તમ માર્ગ વિશે પોલીસ અને કોર્ટને મદદ કરી શકે છે. તેઓ પોલીસને તમારી કોઇ વાતચીતને લગતી જરુરીયાત હોય તો તે જણાવી શકે છે, જેવીકે તમને પૂછપરછ કરે તેમાં ચોક્કસ શબ્દો, અથવા વાતચીત કરવા માટેના સાધનો.

તેઓ પોલીસ ઈન્ટરવ્યૂ અને કોર્ટમાં તમારી સાથે બેસી પણ શકે છે, તમને કોઈપણ સવાલો સમજવામાં મદદ કરી શકે છે, તમારા જવાબો તમે આપી શકો તે માટે મદદ કરી શકે છે.

નીચેના સંજોગોમાં કોર્ટને એક મધ્યસ્થી માટે અરજી કરવામાં આવે તે માટે તમે વિનંતી કરી શકો છો.

- તમે 18 વર્ષથી નીચેની ઉંમરના હોવ.
- તમને વાતચીત માટે સપોર્ટની જરૂર હોય. જો તમને સવાલો સમજવા અને જવાબ આપવામાં મદદની જરૂર હોય તો આ લાગુ પડી શકે છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે
  - તમને માનસિક સ્વાસ્થ્ય અધિનિયમ 1983 મારફત વ્યાખ્યાયિત, (માનસિક સ્વાસ્થ્ય અધિનિયમ 2007 મારફત સુધારેલ) માનસિક વિકાર છે.
  - તમને એક લર્નિંગ ડિસેબિલિટી છે
  - તને એક શારીરિક ડિસેબિલિટી છે

તમારા પોલીસ ઓફિસર સાથે આ વિશે વાત કરો.

## દુભાષિયા અને અનુવાદકો

જો તમે અંગ્રેજી બોલવામાં અનુકૂળ ન હોવ તો એક દુભાષિયા તમારી મદદ કરી શકે છે. તમારે પરિવારના સભ્યો અથવા મિત્રો ઉપર આધાર રાખવાની જરુર ન હોવી જોઇએ – એક નિષ્ણાત દુભાષિયા પૂરા પાડવા જોઇએ. દુભાષિયા પોલીસની સાથે વાતચીત કરતી વખતે અંગ્રેજી અને તમારી પસંદગીની બોલવાની ભાષા અથવા સાઇન લેન્ગ્લેજ વચ્ચે ભાષાંતર કરશે.

ઈન્ટરવ્યૂ અથવા કોર્ટ વિશેના અગત્યના દસ્તાવેજોનો તમારી પસંદગીની ભાષામાં અનુવાદ કરવામાં આવે તે માટેનો તમને અધિકાર છે. ઉદાહરણમાં સામેલ છે:

- રિપોર્ટ કરેલા અપરાધ વિશેની લેખિત પહોંચ
- તમારા ઈન્ટરવ્યૂ અથવા કોર્ટની સુનાવણી માટે તમારે જોવાની જરુર હોય તે કોઈપણ દસ્તાવેજોના સુસંગત ભાગો
- સુનાવણીના સમય, તારીખ અને સ્થળ વિષેના પત્રો
- તમારા કેસના પરિણામ, અને નિર્ણય પાછળના કારણને લગતા પત્રો
- તમારી ફરિયાદોના જવાબો અથવા તમારા કેસની સમીક્ષા કરવા માટેની વિનંતીઓના જવાબો

જો તમને અંગ્રેજી સમજવામાં, બોલવામાં, વાંચવામાં કે લખવામાં મુશ્કેલી પડતી હોય, તો તમારા પોલીસ ઓફિસર પાસે દુભાષિયા અને અનુવાદ કરેલા દસ્તાવેજોની માંગ કરો.

# ટેકો અને સલાહ મેળવો

## ઈન્ડીપેન્ડન્ટ નેશનલ સપોર્ટ સર્વિસીઝ

### Rape Crises England & Wales – રેપ ક્રાઈસીસ ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ

**વેબસાઈટ:** rapecrisis.org.uk

**હેલ્પલાઈન:** 0808 500 2222

આખું વર્ષ, દરરોજ, દિવસના 24 કલાકો ખુલ્લી રહે છે.

**વેબચેટ:** 247sexualabusesupport.org.uk

આખું વર્ષ, દરરોજ, દિવસના 24 કલાકો ખુલ્લી રહે છે.

**ઉપલભ્ય સેવાઓ:**
કોઈપણ પ્રકારની જાતીય હિંસાથી પ્રભાવિત થયેલ 16 વર્ષ કે તેથી વધુ ઉંમરની કોઈપણ વ્યક્તિ માટે રાષ્ટ્રીય હેલ્પલાઈન

હેલ્પલાઈનો ભાવનાત્મક ટેકો પૂરો પાડી શકે છે. વેબસાઈટ અન્ય સેવાઓ વિશે માહિતી પૂરી પાડી શકે છે, ઉદાહરણ તરીકે ISVAs.

### The Survivors Trust Helpline – ધ સર્વાઈવર્સ ટ્રસ્ટ હેલ્પલાઈન

**વેબસાઈટ:** thesurvivorstrust.org

**હેલ્પલાઈન:** 0808 801 0818, દરરોજ ખુલ્લી રહે છે – સમય માટે વેબસાઈટ જુઓ.

**ઉપલભ્ય સેવાઓ:**
કોઈપણ પ્રકારની જાતીય હિંસાથી પ્રભાવિત થયેલ 16 વર્ષ કે તેથી વધુ ઉંમરની કોઈપણ વ્યક્તિ માટે રાષ્ટ્રીય હેલ્પલાઈન

હિંસાનો ભોગ બની ચૂક્યા હોય તેવા ટ્રાન્સજેન્ટર અને નૉન-બાયનરી લોકોનો સમાવેશ થાય છે હેલ્પલાઈનો ભાવનાત્મક ટેકો અને વ્યવહારૂ મદદ પુરી પાડી શકે છે. વેબસાઈટ અન્ય સેવાઓ વિશે માહિતી પૂરી પાડી શકે છે, ઉદાહરણ તરીકે ISVAs.

## Live Fear Free Helpline (Welsh) – લીવ ફીયર ફ્રી હેલ્પલાઈન (વેલ્શ)

**વેબસાઈટ:** welshwomensaid.org.uk/what-we-do/live-fear-free-helpline/

**હેલ્પલાઈન:** 0808 801 0800

**ટેક્સ્ટ:** 07860 077 333

**ઈમેઈલ:** info@livefearfreehelpline.wales

**વેબચેટ:** gov.wales/live-fear-free

**ઉપલભ્ય સેવાઓ:**
દિવસના 24 કલાકો, અઠવાડિયાના સાત દિવસ

Croesawir galwadau yn Gymraeg (વેલ્શ ભાષામાં કોલ આવકાર્ય છે). નીચેનાઓને વેલ્શ અને અંગ્રેજી ભાષામાં મદદ અને સલાહ પૂરી પાડે છે:

- ઘરેલુ દુર્વ્યવહાર અથવા જાતીય હિંસાનો ભોગ બનતી કોઈપણ વ્યક્તિઓ
- કોઈને મદદની જરુર છે તેવું જાણતી કોઈપણ વ્યક્તિઓ, જેમ કે મિત્ર, પરિવારના સભ્ય અથવા સહકાર્યકર
- વ્યાવસાયિક સલાહ ઈચ્છતા પ્રેક્ટિશનરો

# ટેકો અને સલાહ મેળવો

## નિષ્ણાત સહાય શોધો

### Galop

કોઈપણ પ્રકારનો દુર્વ્યવહારનો સામનો કરતાં LGBT+ લોકો

galop.org.uk/

### imkaan

દુર્વ્યવહારનો સામનો કરી ચૂક્યાં હોય તેવા (સર્વાઈવર) અશ્વેત અને એશિયન પૃષ્ઠભૂમિમાંથી આવનારા તથા માઈગ્રન્ટ્સ (સ્થળાંતરિત) લોકો

imkaan.org.uk/get-help

### Male Survivors Partnership – મેલ સર્વાઈવર્સ પાર્ટનરશિપ

પુરુષ સર્વાઈવરો અને તેમને ટેકો આપનારાઓ

malesurvivor.co.uk/

### Refuge – રેફ્યુજ

દુર્વ્યવહારના સર્વાઈવર્સ સર્વાઈવરો

refuge.org.uk

### Respond – રીસ્પોન્ડ

ડિસેબિલિતી અને ન્યુરોડાઈવસિટી ધરાવતા સર્વાઈવર્સ ધરાવતા સર્વાઈવરો

respond.org.uk

### Survivors UK – સર્વાઈવર્સ UK

પુરુષ અને 13 વર્ષ અને તેની ઉપરના નોન-બાયનરી સર્વાઈવરો

survivorsuk.org

### Women's Aid – વુમન્સ એઈડ

ઘરેલુ દુર્વ્યવહાર સર્વાઈવર મહિલાઓ અને બાળકો

womensaid.org.uk

## સ્વતંત્ર સ્થાનિક સહાયક સેવાઓ

તમારા વિસ્તારમાં કદાચ સ્થાનિક સહાયક સેવાઓ પણ હશે. તમારા માટે સૌથી સારી સેવા શોધવામાં તમને મદદ જોઈતી હોય તો તમારા પોલીસ ઓફિસર અથવા ઈન્ડિપેન્ડન્ટ સેક્સ્યુઅલ વાયોલન્સ એડવાઈઝર અથવા એડવોકેટ (ISVAs)ને પૂછો. તેમને કહો કે તમને અમુક ખાસ સમૂહોને મદદ કરતી નિષ્ણાત સેવાઓ મેળવવાની ઈચ્છા છે, ઉદાહરણ તરીકે:

- ડિસેબિલિટી ધરાવતા લોકો
- એથનિક માઈનોરિટી (વંશીય લઘુમતી)ની પાર્શ્વભૂમિકા ધરાવતા લોકો
- અસુરક્ષિત ઈમિગ્રેશન દરજ્જો થરાવતા લોકો, જેઓને પોલીસ કેસ તેને અસર કરશે તેની ચિંતા હોઈ શકે
- જેઓ લેસ્બિયન (સજાતીય સંબંધો ધરાવતી મહિલા), ગે (સજાતીય સંબંધો ધરાવતા પુરુષો) અથવા ટ્રાન્સજેન્ડર (LGBT) હોય
- પુરુષ પીડિતો

પૃષ્ઠ 53 થી આગળ સહાય અને સ્થાનિક માહિતી વિભાગમાં વધારાની માહિતી છે.

# પોલીસને રિપોર્ટ (ફરિયાદ) કરો ત્યાર પછી શું થાય છે

## પોલીસ સાથે પહેલો સંપર્ક

ફોન મારફત પોલીસને જાણ કરાયેલા કેસ માટે સંપર્કનું પ્રથમ સ્થાન કોલ હેન્ડલર ટીમ હશે. તમે પોલીસ કન્ટ્રોલ રૂમમાં કામ કરતાં પોલીસ કોલ હેન્ડલર સાથે વાત કરશો.

કોલ હેન્ડલરનું કામ એ તપાસવાનું છે કે તમારા અથવા જાહેર જનતામાંથી અન્ય કોઈ પર તાત્કાલિક જોખમ છે કે કેમ. અથવા પોલીસે જલ્દીથી પુરાવા ભેગા કરવાની જરૂર છે કે કેમ. કોલ હેન્ડલર ટીમ ગુનાની તપાસ નહિ કરે.

કેસનો ફોન મારફત રિપોર્ટ આપ્યા પછી, ક્યાંતો એક નિષ્ણાત તપાસ ઓફિસર અથવા એક યૂનિફોર્મ ધારક ઓફિસર મારફત તમારો સંપર્ક કરવામાં આવશે, જેનો આધાર નીચેની બાબતો ઉપર રહેશે:

- જાતીય હિંસા થઇ ત્યારથી કેટલો સમય વીતી ગયો છે
- તમારા સ્થાનિક પોલીસ ફોર્સનું માળખું

જો કોલ હેન્ડલર ટીમને લાગશે કે તમારે પોલીસ મારફત તાત્કાલિક મુલાકાતની જરૂર છે, તો તેઓ રીસ્પોન્સ ટીમના એક યૂનિફોર્મધારક ઓફિસરને મોકલશે. રીસ્પોન્સ ટીમનું કામ તમે સલામત છો તેની ખાતરી કરવાનું અને પુરાવા ભેગા કરવાનું છે.

રીસ્પોન્સ ઓફિસર તમે જે કહેશો તે એક બૂકલેટમાં નોંધશે અને/અથવા તેમની છાતી ઉપરના કેમેરાનો ઉપયોગ કરવા માટે તમારી પરવાનગી માંગશે જેને બોડી-વોર્ન વીડીયો (BWV) કહેવામાં આવે છે. તેઓ આ કેમેરાનો ઉપયોગ ગુનો જ્યાં થયો હતો તે જગ્યા અથવા ઘટનાસ્થળે તેમની શરૂઆતના પગલાંનો વિડિયો બનાવવા માટે પણ કરી શકે છે. કરવામાં આવેલ કોઇ પણ BWV રેકોર્ડીંગ જરુર હોય તો, કોર્ટમાં પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાશે.

તમારે રીસ્પોન્સ ટીમ સાથે જાતીય હિંસા વિશે વિગતે વાત કરવાની જરૂર નથી છતાંપણ, એક ઓફિસર તમને શું થયું હતું તે વિશે કેટલાક સાધારણ સવાલો પૂછશે કે જેથી તપાસ માટે માર્ગદર્શન મળે. સવાલો કદાચ ખૂબજ સીધા, શરમજનક અથવા મૂર્ખામીભર્યા લાગી શકે. આનાથી તેઓને કોઇ ગુનો આચરવામાં આવ્યો છે કે નહીં તે નક્કી કરવામાં મદદ થાય છે.

## એ અગત્યનું છે કે તમે પોલીસ સાથે અનુકૂળતા અનુભવો

જો એવી કોઇ વસ્તુ હોય કે જે તમને વધુ અનુકૂળ લાગણી કરાવે તો તે વિશે પોલીસને જાણ કરો. ઉદાહરણ તરીકે, કેટલાક લોકો યુનિફોર્મ ન પહેર્યો હોય તેવા ઓફિસરો સાથે, અથવા અમુક લિંગના ઓફિંસરો સાથે વાતચીત કરવાનુ પસંદ કરે. પોલીસ બાંયધરી આપી શકતા નથી કે તેઓ તમારી પસંદગીને પૂરી કરી શકશે કારણકે તેનો આધાર કોણ ઉપલભ્ય છે તેની ઉપર રહેશે, પરંતુ તેઓ શક્ય હશે તો તમારી વિનંતીને પૂરી કરશે.

જો તમને તમારા પુરાવા પુરા પાડવામાં મદદ થતી હોય તો તમે અમુક લિંગ ધરાવતા ઓફિસર થકી ઈન્ટરવ્યૂ લેવાની માંગ કરી શકો છો. **વધુ માહિતી માટે પૃષ્ઠ 27** જુઓ

# પોલીસને રિપોર્ટ (ફરિયાદ) કરો ત્યાર પછી શું થાય છે

## ફોરેન્સિક અને તબીબી તપાસ

જો જાતીય હિંસા એક અઠવાડિયા કરતાં ઓછા સમય પહેલાં થઈ હોય, તો શું થયું હતું તે સાબિત કરવા માટે પોલીસ કદાચ કેટલીક વસ્તુઓ ભેગી કરી શકે છે.

ફોરેન્સિક પુરાવા વિશે બ્રિટિશ ટ્રાન્સપોર્ટ પોલીસ પાસેથી વધુ માહિતી માટે **QR કોડ સ્કેન કરો** અથવા આ લિંકને અનુસરો.

ઓફિસરોએ સમજાવવું જોઈએ કે તેઓને કઈ વસ્તુઓની જરૂર પડશે અને શા માટે. અંગત વસ્તુઓ માટે, જેવીકે કપડાં, તમારી પાસે વસ્તુઓ પાછી મેળવવાનો અધિકાર છે, પરંતુ તે માટે લાંબો સમય લાગી શકે છે. આ તપાસની પ્રક્રિયામાં લાગતા સમયને કારણે છે.

પોલીસ તમને કદાચ સેક્સ્યુઅલ અસૉલ્ટ રીફરલ સેન્ટર (SARC)માં પણ લઈ જાય, જ્યાં એક મેડીકલ તપાસકર્તા એક ફોરેન્સિક મેડિકલ એક્ઝામિનેશન (FME) – ફોરેન્સિક તબીબી તપાસ કરશે. આમ તમારી પરવાનગી હશે તો જ થશે. પોલીસને શું થયું તેનો રિપોર્ટ કરતાં પહેલાં તમે SARCની મુલાકાત લઈ શકો છો અને FME કરાવી શકો છો. તમારે શું થયું છે તેનો રિપોર્ટ કરવો છે કે નહીં તે વિશે તમે ચોક્કસ ન હોવ તો પણ આમ કરી શકો છો.

NHS ટૂલનો ઉપયોગ કરીને તમારા નજીકના SARC શોધવા માટે **QR કોડનો ઉપયોગ કરો અથવા આ લિંકને અનુસરો.**

# પોલીસ તપાસની શરૂઆત

## તપાસકર્તા ટીમના ઓફિસર સાથે વાતચીત કરવી

તમે રિપોર્ટ કરો તેના થોડક જ સમય પછી તપાસકર્તા ટીમના એક પોલીસ ઓફિસર તમારો સંપર્ક કરશે, સમાન્ય રીતે ફોન મારફત આ શું થયું છે તેનો રિપોર્ટ આપ્યાના એક કે બે દિવસમાં થવું જોઈએ. છતાંપણ, જો પોલીસ ફોર્સ વ્યસ્ત હશે તો થોડો વધુ સમય લાગી શકે છે, અને જેનો આધાર તમારા કેસની વિગતો ઉપર રહેશે. પોલીસ ઓફિસર તમને પૂછશે કે તમે તેઓને રૂબરુ તમારા ઘરે મળવા માંગો છો કે કોઈ સલામત, ખાનગી જગ્યાએ કે જેથી વધુ વાતચીત કરી શકાય.

આ તમારો કેસ વિંશે પોલીસ સાથેનો પ્રથમ સપર્ક હશે. છતાંપણ, કદાચ રીસ્પોન્સ ટીમે તમારી મુલાકાત લીધી હશે, જે વિશે **પૃષ્ઠ 20 ઉપર માહિતી આપેલ છે.**

તમારા પોલીસ ઓફિસર તમને તેઓનો પરિચય આપશે અને તમારી સાથે આગળના પગલાં વિશે વાતચીત કરશે. તમે સલામત છો તેની તપાસ કરવા માટે તેઓ તમને જોખમની આંકણી કરવાને લગતા કેટલાક સવાલો પૂછશે. તમને ચિંતા હોય તેવી બાબતો વિશે, અથવા તમને લાગે કે તમે અથવા અન્ય કોઈ વ્યક્તિ કોઈપણ રીતે સલામત નથી તો તે વિશે તેઓને જણાવી શકો છો.

ઓફિસરે તમને કહેવું જોઈએ કે સહાયક સેવાઓ કેવી રીતે ઍક્સેસ કરી શકાય છે અને તમને પૂછવું જોઈએ કે શું તમે ઈચ્છો છો કે તેઓ તમને ઇન્ડિપેન્ડન્ટ સેક્સ્યુઅલ વાયોલન્સ એડવાઈઝર અથવા એડવોકેટ (ISVA) સપોર્ટ માટે રેફર કરે. જો આમ ન થાય તો, **પૃષ્ઠ 10 જુઓ.**

## કોમ્યૂનિકેશન પ્લાન – સંદેશાવ્યવહાર યોજના

તમારા પોલીસ ઓફિસર તમારી સાથે એક સંદેશાવ્યવહાર યોજના નક્કી કરશે. આ યોજના પોલીસને જણાવે છે કે ક્યારે અને કેવી રીતે તમારો સંપર્ક કરવામાં આવે તેમ તમે

ઇચ્છો છો. જો આ તબક્કે તમારી પાસે પહેલેથી જ ISVA હોય, તો સંદેશાવ્યવહારની યોજના તેઓની સામેલગિરી સાથે તૈયાર કરવી જોઇએ. પોલીસે નિયમિતરૂપે એ તપાસવું જોઇએ કે તમે હજુ પણ યોજનાથી ખુશ છો. તમે કોઇપણ સમયે તમારી પસંદગીઓમાં ઉમેરો કે ફેરફાર કરી શકો છો.

સંદેશાવ્યવહારની યોજના તમને તમારી સલામતીને લગતી ચિંતાઓ વિશે વાતચીત કરવા અને તેને લખવા માટેની તક પણ પૂરી પાડે છે. સલામતીને લગતી ચિંતા વિશે પોલીસ ઓફિસરને અથવા ISVAને કોઇપણ તબક્કે જાણ કરી શકાય છે અને જ્યારે સંદેશાવ્યવહારની યોજનામાં ઉમેરો કે સુધારો કરવામાં આવે તે દરેક સમયે તેની ચર્ચા કરી શકાય છે.

જો તમારી પાસે એક યોજના ન હોય, તો તમે જ્યારે પોલીસ ઓફિસર અથવા તમારા ISVA સાથે ફરીથી વાત કરો ત્યારે તે માટે પૂછો. પોલીસે તમારી સાથે યોજના બનાવવી જોઇએ તે જણાવવા માટે તમે આ માર્ગદર્શિકાનો સંદર્ભ આપી શકો છો.

તપાસકર્તા ટીમ ઓફિસર સાથે આ પહેલા સંપર્ક દરમિયાન, તેઓ તમને જાતીય હિંસામાં શું બન્યુ હતું તે વિશે થોડી પૂછપરછ કરશે. ખાસ કરીને, જો રીસ્પોન્સ ટીમ મારફત મુલાકાત ન લેવામાં આવી હોય તો આ વિશે પૂછશે. તેઓ શું બન્યુ હતું તે સ્થાપિત કરવા માટે તમને કદાચ કેટલાક સવાલો પૂછશે જે કદાચ ખૂબજ સીધા, શરમજનક અથવા ક્ષુલ્લક લાગે. તેઓએ અમુક વિગતો વિશે સ્પષ્ટ હોવાની જરુર હશે જે તમને કદાચ મહત્ત્વની ન લાગે.

## તમારો ઈન્ટરવ્યૂ

પોલીસ તમને એક ઈન્ટરવ્યૂ માટે આમંત્રણ આપશે. તે મુશ્કેલ પ્રક્રિયા હોઈ શકે છે કારણ કે તેઓ તમને જાતીય હિંસા વિશે વિગતવાર વાત કરવાનું કહેશે. પોલીસે પહેલેથી તમને ઈન્ટરવ્યૂની પ્રક્રિયા સમજાવવી જોઇએ અને પૂછવું જોઇએ કે શું તેઓ તમારે માટે તેને સરળ બનાવવા માટે કંઈ કરી શકે છે.

જો તમે મંજૂર થાવ તો આ ઈન્ટરવ્યૂને ફીલ્મ કરી શકાશે. આને કેટલીક વખત વીડીયો-રેકોર્ડેડ ઈન્ટરવ્યૂ (VRI) કહેવામાં આવે છે. કોર્ટની પરવાનગી સાથે, રેકોર્ડીંગને તમારા પુરાવાના ભાગરૂપે ઉપયોગમાં લઈ શકાય છે. આ તમને ઉપલબ્ધ 'સ્પેશ્યલ મેઝર્સ – ખાસ પગલાં' માંનું એક છે. સ્પેશ્યલ મેઝર્સ પીડિતોને મદદ કરવા માટે છે, જેથી તેઓ સૌથી સારા પુરાવા આપવા માટે સમર્થ બને.

ઘણીવખત, ઈન્ટરવ્યૂ ખાસ તૈયાર કરવામાં આવેલ રૂમમાં લેવાય છે જેને VRI સ્યૂટ કહેવામાં આવે છે. તે કદાચ સેક્સ્યુઅલ અસૉલ્ટ રેફરલ સેન્ટર (SARC) માં હોય (**પૃષ્ઠ 22 જુઓ**), એક પોલીસ સ્ટેશનમાં હોય અથવા અન્ય મકાનમાં હોય.

તમારી ટ્રાયલ પહેલાં તમે તમારા કેટલાક અથવા બધા પુરાવા કેવી રીતે આપી શકો છો તે વિશે વધુ જાણવા માટે **QR કોડ સ્કેન કરો અથવા ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ (CPS) વેબસાઈટની આ લિંકને અનુસરો.**

તમારે વીડીયો-રેકોર્ડેડ ઈન્ટરવ્યૂ (VRI) આપવો જ પડશે તે જરુરી નથી. પોલીસ તેના બદલે લેખિત નિવેદન લઈ શકે છે. જોકે, આવા કિસ્સામાં કોર્ટમાં તમારો VRI બતાડવામાં આવે તેને બદલે તમારે જ્યુરી સમક્ષ તમારા પુરાવાનો ભાગ કહી બતાવવો પડશે. જો તમે આ વિકલ્પ પસંદ કરો, તો તમે હજુ પણ કોર્ટમાં અન્ય ખાસ પગલાં માટે અરજી કરી શકો છો. (**પૃષ્ઠ 43 જુઓ**). તમારા પોલીસ ઓફિસર અથવા ISVA સાથે વિકલ્પો વિશે વાતચીત કરો.

જાતીય હિંસા વિશે વાતચીત કરવાથી કેટલીક નવી યાદો તાજી થાય. જો તમને ઈન્ટરવ્યૂ પછી વધુ વાતો યાદ આવે, તો તેને લખો અને તમારા પોલીસ ઓફિસરનો સંપર્ક કરો.

# પોલીસને રિપોર્ટ (ફરિયાદ) કરો ત્યાર પછી શું થાય છે

## ઈન્ટરવ્યૂ દરમિયાન સુખાકારી

ઈન્ટરવ્યૂ દરમિયાન, જો તમે ઈચ્છો તો આરામ (બ્રેક) માટે માંગણી કરી શકો છો. પછીથી તમને ટેકો આપવા માટે કોઇ ઉપલભ્ય હોય, અને પછી બાકીના દિવસે બહુ કંઇ કરવાનું ન હોય તો તે મદદરૂપ થશે.

કેટલાક લોકોને આરામ આપે તેવી કસરત ઉપયોગી લાગે છે. આ તમને તીવ્ર લાગણીઓ અથવા અતિશય તણાવનો સામનો કરવામાં મદદ કરી શકે છે.

ગ્રાઉન્ડિંગ કસરતો વિશે વધુ માહિતી માટે **QR કોડ સ્કેન કરો અથવા રેપ ક્રાઈસિસ વેબસાઈટની મુલાકાત લેવા માટે આ લિંકને અનસરો**

## તમે ઈન્ટરવ્યૂમાં તમારી સાથે કોઈને લઈ જઈ શકો?

તમને ઈન્ટરવ્યૂ એક મિત્ર અથવા પરિવારના સભ્યને સાથે લઈ જવા માટે પૂછવાનો અધિકાર છે, જ્યાં સુધી તેઓ તમારા કેસમાં સાક્ષી ન હોય. ટેકો આપનાર ઈન્ટરવ્યૂ સવાલોમાં સામેલ થઈ શકશે નહીં. છતાંપણ, તેઓ તમારા વતી બ્રેક માટે માંગ કરી શકે છે અને તમને ભાવનાત્મક ટેકો પૂરો પાડી શકે છે.

જો તમારી પાસે એક ઈન્ડિપેન્ડન્ટ સેક્સ્યુઅલ વાયોલન્સ એડવાઈઝર અથવા એડવોકેટ (ISVA) હોય, તો તેઓ:

- ઈન્ટરવ્યૂ પહેલાં અને પછી તમને ટેકો પૂરો પાડવા માટે ઈન્ટરવ્યૂ રૂમની બહાર બેસી શકે છે
- તમને બ્રેક દરમિયાન ટેકો પૂરો પાડી શકે છે.

તમારા ISVA એક ટેકો આપનાર તરીકે તમારી સાથે ઈન્ટરવ્યૂ રૂમમાં બેસે તે માટે વિનંતી કરી શકો છો. છતાંપણ, જો તમારા ISVA ઈન્ટર્વ્યુંમાં બેસે, તો તેઓ ત્યાર પછી તમારા ISVA રહેવાનું ચાલુ રાખી શકશે નહીં. આનું કારણ એ છે કે તેઓને તમારા કેસના પુરાવા વિશે જાણકારી મેળવવાની પરવાનગી નથી. આવા સંજોગોમાં, તમને ફોજદારી ન્યાય પ્રક્રિયા દરમિયાન ટેકો આપવા માટે એક બીજા ISVA ફાળવવામાં આવશે. જો તમારે આ વિશે કોઈ સવાલો હોય તો તમે ISVA ને આ વિશે પૂછી શકો છો.

## પીડિતો માટેની આચાર સંહિતા હેઠળ અધિકારોની માંગણી કરવી

ઈન્ટરવ્યૂમાં તમને વધુ આરામદાયક લાગણી થાય તેમાં મદદ કરવા માટે, તમારી પાસે અધિકાર છે કે તમે પોલીસ ઓફિસર સરખા જ લિંગના હોય તેવી માંગ કરો. પીડિતો માટેની આચાર સંહિતા હેઠળ, પોલીસે તમારી વિનંતી પૂરી કરવી જ પડશે સિવાય કે તેઓને લાગે કે તેનાથી તપાસ અન્યાયી બનશે.

gov.uk ની વેબસાઈટ ઉપર વિક્ટીમ્સ કોડ વાંચવા માટે **QR રોડ સ્કેન કરો અથવા આ લિંકને અનુસરો.**

# શંકાસ્પદ વ્યક્તિનું શું થાય છે?

## પોલીસ તમને અથવા અન્ય વ્યક્તિઓને કેવી રીતે સુરક્ષિત રાખશે?

પૂરેપૂરી તપાસ દરમિયાન પોલીસ તમે અને અન્ય વ્યક્તિઓ સુરક્ષિત છે તેની ખાતરી કરવા માટે કામ કરશે.

આમાં પોલીસ જોખમની આંકણી કરે તે સામેલ છે. શંકાસ્પદ વ્યક્તિ કોઈને નુકસાન ન પહોંચાડે તે માટે કયા સુરક્ષા પગલાંની જરૂર છે તે નક્કી કરવા માટે પોલીસ કેસની પરિસ્થિતિઓને ધ્યાનમાં લેવા માટે આ મૂલ્યાંકનનો ઉપયોગ કરે છે. તેઓના જોખમના મૂલ્યાંકનના ભાગરૂપે પોલીસ તમને કદાચ સવાલો પૂછે.

સંજોગો બદલાઈ શકે છે. જો તમને તમારી સલામતી વિશે, અથવા કોઈ બીજાની સલામતી વિશે કોઈ પણ તબક્કે ચિંતા હોય તો તમારા પોલીસ અધિકારી અથવા ISVA ઓફિસરને જણાવો.

**જો તમને ચિંતા હોય કે તમને અથવા અન્ય કોઈને ત્વરિત જોખમ છે તો 999 ઉપર કોલ કરો.**

### સુરક્ષા પગલાં

પોલીસ કદાચ સુરક્ષા પગલાં ઉપર વિચાર કરે જેવાકે:

- શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરે અથવા જામીનની અમુક શરતોની માંગ કરે. **પૃષ્ઠ 30 જુઓ.**
- સિવિલ ઓર્ડરો માટે અરજી કરે, દા.ત. શંકાસ્પદ વ્યક્તિને તમારો સંપર્ક કરતાં રોકવા માટે. **પૃષ્ઠ 47 જુઓ.**
- જો જાહેર જનતાને વ્યાપક જોખમ હોય તો એક સેક્સ્યુઅલ રિસ્ક ઓર્ડર (SRO) માટે માંગ કરે.

SROs વિશે CPSની વેબસાઈટ ઉપર વધુ માહિતી મેળવવા માટે **QR કોડ સ્કેન કરો અથવા આ લિંકને અનુસરો.**

તમારા પોલીસ ઓફિસર અને ISVA સાથે તમે સુરક્ષાના પગલાં વિશે વાતચીત કરી શકો છો.

## શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરવામાં આવશે?

આનો આધાર શું થયું છે અને ક્યારે થયું હતું તેની ઉપર રહેશે.

જો પોલીસ પાસે એવું માનવા માટે 'વાજબી કારણો' હોય કે વ્યક્તિની ધરપકડ જરુરી છે, તો શંકાસ્પદ વ્યક્તિની ધરપ્ક થવાની શક્યતા છે. આમ થઈ શકે છે, ઉદાહરણ તરીકે, જો તેઓને તમારી સલામતી વિશે અથવા અન્યની સલામતી વિશે ચિંતા હોય.

જો શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરવામાં આવે તો તમારા ઓફિસર તમને માહિતગાર રાખશે.

કેટલીક વખત શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરવામાં આવતી નથી પરંતુ તેઓનો સંપર્ક કરવામાં આવે છે, સામાન્ય રીતે ટેલિફોન મારફત. તેઓને મરજીયાત ધોરણે ઈન્ટરવ્યૂ માટે પોલીસ સ્ટેશનમાં આવવા માટે જણાવવામાં આવી શકે.

## શું પોલીસની તપાસ દરમિયાન શંકાસ્પદ વ્યક્તિ જેલમાં હશે?

### શંકાસ્પદ વ્યક્તિને કદાચ રિમાન્ડ ઉપર રાખી શકાય છે

જો શંકાસ્પદ વ્યક્તિ ઉપર આરોપ મૂકવામાં આવે (પૃષ્ઠ 39 જુઓ) તો તેઓને સુનાવણી પહેલાં કસ્ટડીમાં રાખવામાં આવી શકે. આને રીમાન્ડ પર રાખેલા હોવાનું કહેવાય છે.

# શંકાસ્પદ વ્યક્તિનું શું થાય છે?

## શંકાસ્પદ વ્યક્તિને જામીન ઉપર અથવા તપાસ હેઠળ છોડવામાં આવી શકે

જો શંકાસ્પદ વ્યક્તિ ઉપર આરોપ મૂકવામાં આવે, તો પોલીસ તેઓને જામીન ઉપર છોડી શકે છે. આનો અર્થ એ છે કે શંકાસ્પદ વ્યક્તિએ ઉલ્લેખિત તારીખ અને સમયે કાનૂની ધોરણે પોલીસમાં રિપોર્ટ કરવો જરુરી છે. શંકાસ્પદ વ્યક્તિને તપાસ હેઠળ પણ છોડી શકાય છે, જ્યાં તેઓએ ઉલ્લેખિત તારીખ અને સમયે રિપોર્ટ કરવાની જરુરીયાત નથી હોતી.

## જામીનની શરતો

જો શંકાસ્પદ વ્યક્તિને જામીન પર છોડવામાં આવે, તો તે શરતો સાથે અથવા શરતો વગર હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, આ શરતો શંકાસ્પદ વ્યક્તિ ક્યાં જાય અને તેઓ કોનો સંપર્ક કરી શકે તેને સિમિત કરી શકે છે. શંકાસ્પદ વ્યક્તિને જામીન પર છોડતાં પહેલાં તમારા પોલીસ ઓફિસરે તમારી ચિંતાઓ વિશે તમારી સાથે વાતચીત કરવી જોઇએ. પોલીસે આ ચિંતાઓને રેકોર્ડ કરવી જોઇએ અને ધ્યાનમાં લેવી જોઇએ.

એ શક્ય છે કે શંકાસ્પદ વ્યક્તિઓને જામીનની શરતો લાગુ પડશે. તમારે માટે આનો અર્થ શું થાય છે તે વિશે તમે ચોક્કસ ન હોવ, તો તમારા પોલીસ ઓફિસર અથવા ઈન્ડિપેન્ડન્ટ સેક્સ્યુઅલ વાયોલન્સ એડવાઈઝર અથવા એડવોકેટ (ISVA) ને પૂછો.

## પોલીસ સંદેશાવ્યવહાર

વિક્ટિમ્સ કોડ હેઠળ તમારી પાસે અધિકાર છે કે તપાસના મુખ્ય નિર્ણયો વિશે તમને જણાવવામાં આવે. ઉદાહરણ તરીકે, જો શંકાસ્પદ વ્યક્તિને જામીન ઉપર છોડવામાં આવે, અને જો તેઓને જામીનની કોઇ શરતો આપવામાં આવી હોય.

જો શંકાસ્પદ વ્યક્તિ તમારો અથવા કેસના કોઈ સાક્ષીનો સંપર્ક કરે, તો એ મહત્વનું છે કે તમે પોલીસને તેની જાણ કરો. શંકાસ્પદ વ્યક્તિં કદાચ તેઓની જામીનનો ભગ કરતા હોય અથવા તમારો સંપર્ક કરવા મારફત આગળ વધુ ગુનો કરતા હોય. તમને સલામત રાખવા માટે પોલીસ અન્ય પગલાં ઉપર વિચાર કરે જેવાકે સિવિલ ઓર્ડરો – **પૃષ્ઠ 47 જુઓ.**

જો તમને કોઈપણ તબક્કે તમારી સલામતીની ચિંતા હોય તો પોલીસ ઓફિસર અથવા ISVA સાથે વાતચીત કરો.

## જો તમે આગળ તપાસને ટેકો ન આપવાનો નિર્ણય લો

તમે કદાચ નક્કી કરો કે તમારે આગળ તપાસને ટેકો નથી આપવો જો તમે  તપાસને ટેકો ન આપવાનું પસંદ કરો, તો પોલીસે હજુ પણ વિચારવું પડે છે કે શંકાસ્પદ વ્યક્તિ ભવિષ્યમાં અન્ય લોકોને નુકસાન પહોંચાડે તેનું જોખમ છે કે નહીં અને જરુરી પગલાં લેવા પડે છે.

તપાસ એક જટિલ અને મુશ્કેલ પ્રક્રિયા હોઈ શકે છે. તપાસને ટેકો ન આપવાનો નિર્ણય લેવો તે મુશ્કેલ હોઈ શકે છે. પોલીસ તમારા નિર્ણયને સમજશે અને તેનો આદર કરશે.

જો તમે પછીથી તમારો વિચાર બદલો અને તપાસને ટેકો આપવા માંગો, તો પોલીસ ઓફિસર સાથે વાતચીત કરો અથવા 101 ડાયલ કરવા મારફત પોલીસનો સંપર્ક કરો.

મદદ મેળવવા માટે તમારે તપાસને ટેકો આપવો જરુરી નથી. સહાયક સેવાઓ વિશે વધુ માહિતી માટે **પૃષ્ઠ 10 થી 19 જુઓ**

# બાકીની તપાસ (તમારા ઈન્ટરવ્યૂ પછી)

## તમારા ફોન અને અન્ય અંગત રેકર્ડમાંથી પુરાવા

પોલીસ તમારા ફોન અથવા ડિજીટલ સાધનો માટે પૂછે, જેવાકે તમારા સોશિયલ મ઼ીડીયાના એકાઉન્ટમાંથી માહિતીનો ઍક્સેસ તમારા પોલીસ ઓફિસર તમને સમજાવશે કે શા માટે આ જરુરી છે.

તમારા અંગત સંદેશાવ્યવહારના સાધનો માટે પૂછવું દખલકર્તા લાગે અને તમારા પર અસર કરી શકે છે. પોલીસ ઓફિસર તમને તમારા ફોન માટે પૂછે તે પહેલાં, તેઓએ એની ખાતરી કરવી પડશે કે તે તમારા કેસ માટે અગત્યનું છે.

### અન્ય અંગત રેકોર્ડમાંથી પુરાવા

પોલીસ અન્ય સંસ્થાઓને તેઓ પાસે તમારા રેકોર્ડ હોય તે માટે પૂછી શકે છે, ઉદાહરણ તરીકે ડોક્ટર અથવા સોશિયલ સર્વિસિઝ આને થર્ડ પાર્ટી મટીરીયલ – તૃતીય પક્ષ સામગ્રી કહેવામાં આવે છે.

આ પ્રકારના પુરાવાનો ઍક્સેસ આપવાનું જણાવાય તે કદાચ દખલકર્તા લાગે. પોલીસ થર્ડ પાર્ટી મટીરીયલ માંગ કરે તે પહેલાં, તેઓએ એની ખાતરી કરવી પડશે કે તે તમારે કેસ માટે અગત્યનું છે.

પોલીસ તમારા વિશે ખાનગી માહિતી કેવી રીતે અને ક્યારે માંગી શકે છે તેને લગતા નિયમો જટીલ અને જુદા જુદા હોઈ શકે છે. જો ડીજિટલ થર્ડ પાર્ટી મટીરીયલ માંગવામાં આવે, તો તમને પોલીસ કઈ માહિતી અને શા કારણે માંગે છે તેને લગતા ફોર્મ મળવા જોઇએ.

## તમારા અધિકારો

તમે તમારા અધિકારો વિશે કદાચ તમારા પોલીસ ઓફિસર, ISVA, એક સ્વતંત્ર નિષ્ણાત સહાયક સંસ્થા (**પૃષ્ઠ 16 જુઓ**) અથવા એક કાનૂની સલાહકાર સાથે વાતચીત કરવા માંગતા હોવ તેવું બને. અપરાધથી પીડિત એક વ્યક્તિ તરીકે, તમને એક કાનૂની સલાહકાર પૂરા પાડવામાં આવતા નથી. આનું કારણ એ છે કે તમે ગુનો કર્યો છે તેવી શંકા નથી અને જો શંકાસ્પદ વ્યક્તિ ઉપર આરોપ મુકવામાં આવે તો કેસ ઉપર કાર્યવાહી કરવા માટે ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ (CPS) જવાબદાર છે. છતાંપણ, તમારા અધિકારોનો આદર કરવામાં આવે છે તેની ખાતરી કરવા માટે તમે એક કાનૂની સલાહકાર સાથે સલાહમસલત કરવા માંગતા હોવ તેવું બને.

## તમારા સાધનો પરત કરવા

જો તમે પોલીસ ઓફિસરને ઈલેક્ટ્રોનિક ડીજિટલ ડેટા માટે તમારા ઈલેક્ટ્રોનિક સાધનો આપ્યા હોય, જેવાકે ફોન અથવા કોમ્પ્યુટર, તો પોલીસે શક્ય હોય તેટલી જલ્દી તેને પરત કરવા જોઈએ. તમારા સાધનોની કેટલા સમય સુધી જરુરિયાત રહેશે તે વિશે તમને માહિતગાર રાખવા જોઈએ. તમારા ફોનને પરત કરવામાં આવે ત્યાં સુધી તમે એક ફોન તમને ઉછીનો આપવામાં આવે તેવી માંગ કરી શકો છો. પોલીસે હંમેશા તે ઓફર કરવો જોઈએ. પોલીસ તમને ચોક્કસ સમયગાળો ન આપી શકે તો પણ તમારા સાધનોની કેટલા સમય સુધી જરુરિયાત રહેશે તે વિશે પોલીસે તમને જણાવવું જોઈએ.

તમે તપાસના આ ભાગ વિશે વધુ માહિતી **QR કોડ સ્કેન કરવા મારફત અથવા CPS વેબસાઈટની આ લિંક અનુસરવા મારફત મેળવી શકો છો.**

# બાકીની તપાસ (તમારા ઈન્ટરવ્યૂ પછી)

જ્યારે પોલીસ તમારી પાસેથી સંવેદનશીલ માહિતી માંગે ત્યારે તમને આત્મવિશ્વાસ આપવા માટે, તમારા અધિકારો માટે સ્થાનિક સુરક્ષા હોવી જોઇએ. તમારા પોલીસ અધિકારીને ડિજીટલ પુરાવા અને થર્ડ પાર્ટી મટીરીયલની તેમની પારદર્શિતા અને જવાબદારી નીતિઓ વિશે તમને જણાવવા માટે કહો.

## ચાલુ પોલીસ તપાસ

ઘણીબધી પ્રારંભિક પ્રવૃત્તિઓ બાદ, કદાચ એવું લાગે કે અચાનક પોલીસ તપાસ શાંત પડી ગઈ છે. તમારા કેસની તપાસ કરતા પોલીસ ઓફીસર પુરાવા ભેગા કરતા હશે, ઉદાહરણ તરીકે, શંકાસ્પદ વ્યક્તિ વ્યક્તિ અને અન્ય સાક્ષીઓના ઈન્ટરવ્યૂ લેવા. પુરાવા ભેગા કરવાના કામમાં ઘણો સમય લાગી શકે છે – કેટલાક કેસોમાં એક વર્ષ કે તેથી વધુ.

તમારા પોલીસ ઓફિસર તમારી સંદેશાવ્યવહારની યોજના અનુસાર તમને માહિતગાર રાખશે. તમારે નિયમિતરૂપે પોલીસ પાસેથી સાંભળવું છે કે જ્યારે તમારા કેસમાં કંઈક બદલાય ત્યારે જ સાંભળવું છે તે તમે નક્કી કરી શકો છે. તમે પોલીસ ઓફિસરને પૂછવા મારફત કોઈ પણ સમયે તમારી સંદેશાવ્યવહારની યોજનામાં ફેરફાર કરી શકો છો.

તપાસનો આ ભાગ નિરાશાજનક અને ધીમો લાગી શકે છે. સામનો કરવામાં તમને મદદ કરવા માટે ISVA પાસેથી અથવા અન્ય નિષ્ણાત સપોર્ટ વર્કર પાસેથી સહાય મેળવવી મદદરૂપ થઈ શકે છે. સપોર્ટ સર્વિસીઝ વિશે વધુ માહિતી મેળવવા માટે અને ટેકો મેળવવામાં મદદ મેળવવા માટે પોલીસ સાથે વાત કરવા માટે **પૃષ્ઠ 10 થી 19 જુઓ**. તમે પોલીસ તપાસ બંધ કરવામાં આવે તેમ ઈચ્છતા હોવ તો પણ તમે ટેકો મેળવવા માટે હકદાર છો.

## સ્ટોકીંગ (પીછો કરવો) અને હરાસમેન્ટ (પજવણી)

જો શંકાસ્પદ વ્યક્તિની વર્તણૂંકથી તમને ચિંતા થતી હોય અથવા ડર લાગતો હોય તો એ મહત્ત્વનું છે કે તમે તમારા પોલીસ ઓફિસરને જણાવો. આમાં જો તમને એમ લાગે કે તમારો પીછો અથવા પજવણી કરવામાં આવે છે તેનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે, જો તેઓ તમારો સંપર્ક કરતા હોય અથવા તમારી પાછળ પાછળ આવતા હોય. તેઓ કદાચ જામીનની કોઈ શરતોનો પણ ભંગ કરતાં હોય આથી એ મહત્ત્વનું છે કે તમે પોલીસને જાણ કરો.

જો તમને શંકાસ્પદ વ્યક્તિ, તેઓના કુટુંબ અથવા મિત્રો મારફત ધમકી આપવામાં આવતી હોય અથવા પજવણી થતી હોય, તો તમારે તમારા પોલીસ ઓફિસરને જાણ કરવી જોઈએ. શું થયું હતું તે વિશે નોંધો રાખવી સારી વાત છે. આ તમને પછીથી સ્પષ્ટ રીતે યાદ રાખવામાં મદદ કરશે કે શું કહેવામાં આવ્યું હતું અને શું કરવામાં આવ્યુ હતું.

**જો તમને લાગે કે તમે અથવા અન્ય કોઈને ત્વરિત જોખમ છે તો 999 ઉપર કોલ કરો.**

**Rights of Women (મહિલાઓના અધિકારો) 'From Report to Court – રિપોર્ટ આપવાથી કોર્ટમાં જવા સુધી' નામની એક ઉપયોગી પુસ્તિકામાં પજવણી વિશે મહત્વની માહિતી માટે QR કોડ સ્કેન કરો અથવા આ લિંકને અનુસરો**

# બાકીની તપાસ (તમારા ઈન્ટરવ્યૂ પછી)

## વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટ – પીડિતનું અંગત નિવેદન

જો તમે ઈચ્છો, તો તમે વિક્ટીમ પર્સનલ સ્ટેમેન્ટ (VPS) લખી શકો છો. એક VPS કોર્ટ માટેનો એક પત્ર છે. કેસમાં સામેલ દરેક ફોજદારી ન્યાય એજન્સીઓ મારફત આ બાબત ધ્યાનમાં લેવામાં આવશે જેથી તેમને ગુનાએ તમારા પર કેવી અસર કરી છે તે સમજવામાં, શક્ય તેટલો મજબૂત કેસ બનાવવામાં અને તમને જરુરી સહાય મળે તેની ખાતરી કરવામાં મદદ મળે. જ્યારે શંકાસ્પદ વ્યક્તિને સજા કરવામાં આવે ત્યારે જજ દ્વારા તેની ઉપર વિચાર કરવામાં આવે છે.

તમારા VPSમાં તમે જે માહિતી આપો છો.તે મિડીયામાં જાહેર થાય છતાંપણ, તમે આજીવન નનામા રહેવા માટે યોગ્યતા ધરાવો છો. મીડીયા અથવા અન્ય કોઇએ તમારું નામ અને તમને ઓળખે તેવી કોઇપણ માહિતી જાહેર કરવી ગેરકાનૂની છે. આમાં સોશિયલ મીડીયાનો સમાવેશ થાય છે.

વિક્ટીમ પર્સનલ સ્ટેટમેન્ટ વિશે ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ પાસેથી વધુ માહિતી મેળવવા માટે **QR કોડ સ્કેન કરો અથવા આ લિંકને અનુસરો.**

# પોલીસ નિર્ણયો અને કેસના પરિણામો

## તમારા કેસ સાથે શું કરવું તેનો નિર્ણય પોલીસ કેવી રીતે લે છે.

પોલીસ એક વખત પુરાવા ભેગા કરવાનું કામ પુરું કરે છે પછી, તેઓ નક્કી કરે છે કે કેસને ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ (CPS) ઉપર મોકલવો જોઇએ કે નહીં. CPS ઇંગ્લેન્ડ અને વેલ્સમાં મોટાભાગના ફોજગારી કેસો ઉપર કાર્યવાહી કરવા માટે જવાબદાર છે. તેઓ નક્કી કરે છે કે શંકાસ્પદ વ્યક્તિ ઉપર ક્યારે ફોજદારી ગુનાનો આરોપ મૂકવો અને તેઓ સામે કોર્ટમાં કેસ રજૂ કરવો. જ્યારે જ્યુરી તેઓને દોષિત જાહેર કરે તેની શક્યતા તેઓને નિર્દોષ જાહેર કરે તેની શક્યતા કરતાં વધુ હોય ત્યારે જ પોલીસે CPSને શંકાસ્પદ વ્યક્તિ ઉપર આરોપ મૂકવા માટે જણાવવું જોઇએ.

### તમારા કેસમાં સંભવિત પરિણામો.

**1. પોલીસ ‘આગળ કોઈ પગલાં ન લે – નો ફર્ધર એક્શન (NFA)’**

↓

**નિર્ણય સમજાવતો અને તમારા વિકલ્પો વિશેનો એક પત્ર તમને મળશે.**

**2. પોલીસ તમારા કેસને CPS ઉપર મોકલશે**

↓

**2a)** CPS વધુ તપાસ માટે તમારા કેસને પોલીસ પાસે પાછો મોકલે છે

**2b)** CPS 'આગળ કોઈ પગલાં ન લે – નો ફર્ધર એક્શન (NFA)'

**2c)** CPS શંકાસ્પદ વ્યક્તિ ઉપર આરોપ મુકે છે

# પોલીસ નિર્ણયો અને કેસના પરિણામો

પોલીસ ક્યારે એક કેસને CPS ઉપર મોકલી શકે તેના કડક નિયમો છે. આ વિશે વાંચવા માટે **QR કોડ સ્કેન કરો અથવા આ લિંકને અનુસરો**

## વિક્ટિમ લિએઝન ઓફિસર

CPS પાસે દરેક રેપ એન્ડ સિરિયસ સેક્સ્યુઅલ ઓફેન્સ યૂનિટમાં એક સમર્પિત વિક્ટિમ લિએઝન ઓફિસર (VLO) છે. તેઓ તમારી, પોલીસ અને CPS વચ્ચે વાતચીતની વ્યવસ્થા કરે છે.

## કેટલીક માહિતીનો કોર્ટમાં ઉપયોગ કરી શકાતો નથી.

તપાસ દરમિયાન ભેગી કરવામાં આવેલી કેટલીક માહિતીનો કોર્ટમાં ઉપયોગ કરી શકાતો નથી તેથી તેને કાનૂની શબ્દોમાં 'પુરાવા' કહી શકાશે નહીં. ઉદાહરણ તરીકે, પોલીસ સામાન્યરીતે અન્ય લોકો મારફત તમને કહેવામાં આવેલ માહિતીનો ઉપયોગ કરી શકશે નહીં.

## સમીક્ષા માટે પીડિતનો અધિકાર

જો CPS શંકાસ્પદ વ્યક્તિ સામે કોઈ પગલાં ન લેવાનો નિર્ણય લે, તો એનો અર્થ એ છે કે તેઓને કોર્ટમાં નહીં લઈ જવામાં આવે અથવા તેઓ ઉપર આરોપ નહીં મુકવામાં આવે. તમને સમીક્ષા માટે પીડિતના હક – વિક્ટિમ્સ રાઈટ ટુ રીવ્યુ (VRR) હેઠળ નિર્ણયને પડકારવાનો અધિકાર છે.

વિક્ટિમ્સ રાઈટ ટુ રીવ્યુ વિશે CPSની વેબસાઈટ ઉપર વધુ માહિતી માટે **QR કોડ સ્કેન કરો અથવા લિંકને અનુસરો**

એક ISVA અથવા અન્ય સહાયક તમને VRR મારફત પડકારવા માટે મદદ કરી શકે છે. **જો તમારી પાસે હાલમાં ISVA સપોર્ટ ન હોય પરંતુ તમારે વધુ જાણકારી મેળવવી હોય તો પૃષ્ઠ 10 વાંચો.**

# જો CPS શંકાસ્પદ વ્યક્તિં ઉપર આરોપ મુકે તો શુ થાય છે

જો શંકાસ્પદ વ્યક્તિ ઉપર આરોપ મુકવામાં આવે તો તેઓને ઔંપચારિક રીતે કહેવામાં આવે છે કે તેઓ સામે ગુના માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે, હવે તેઓને 'આરોપી' કહેવામાં આવશે.

## આરોપીને કદાચ કસ્ટડીમાં રિમાન્ડમાં રાખવામાં આવે.

કોર્ટ કેટલીક વાર આરોપીને જામીન ન આપવાનો નિર્ણય લે છે. આને રિમાન્ડ કહેવામાં આવે છે. તેઓ આમ કરે છે તેમાંના કારણોમાં સામેલ છે તેઓ માને કે નીચેના જોખમો છે:

- આરોપી બીજા ગુનાઓ કરશે
- આરોપી કોર્ટમાં હાજરી આપવામાં નિષ્ફળ જશે
- આરોપી સાક્ષીઓ અને/અથવા પીડિત સાથે દખલગીરી કરશે
- આરોપીની પોતાની સલામતીને જોખમ છે

# પોલીસ નિર્ણયો અને કેસના પરિણામો

## આરોપીને કદાચ જામીન ઉપર છોડવામાં આવે

આરોપીને કદાચ જામીન આપવામાં આવે. કોર્ટ તેઓ ઉપર શરત લાગુ કરી શકે છે જે તેઓ શું કરી શકે તેની ઉપર મર્યાદા મૂકશે, ઉદાહરણ તરીકે, તેઓ ક્યાં જઈ શકે છે અને કોની સાથે વાતચીત કરી શકે છે. ઉદાહરણ તરીકે, એક આરોપીને સામાન્યરીતે તમારો અને તમારા મિત્રોનો સંપર્ક ન કરવાનું કહેવામાં આવે છે.

આરોપીએ બીજુ શું ન કરવું જોઈએ તે વિશે બીજું કંઈ કહેવું હોય તો પોલીસને તે જણાવો.

જો આરોપી તમારો અથવા આ કેસમાં અન્ય સાક્ષીઓનો સંપર્ક કરે, તો એ મહત્ત્વનું છે કે તમે પોલીસને જણાવો. તેઓ જોશે કે વધારાના કોઈ અપરાધો કરવામાં આવ્યા છે કે નહીં.


આરોપીને જામીન આપવામાં આવે કે નહીં.અથવા તેઓને કસ્ટડીમાં રિમાન્ડ ઉપર રાખવામાં આવે કે નહીં તે નક્કી કરતી કોઈપણ સુનાવણીઓમાં તમારે કોર્ટમાં હાજરી આપવી જરુરી નથી. જો આમ બનવાનું હોય તો પોલીસે તમને કહેવું જ પડશે.

## કોર્ટમાં જવું

પહેલી કોર્ટની સુનાવણી મેજીસ્ટ્રેટની કોર્ટમાં થાય છે અને તે પોલીસે આરોપીની ઉપર આરોપ મુક્યો હોય તેના થોડાક જ સમય પછી થશે. આ સુનાવણીમાં, આરોપી કદાચ ગુનો કબૂલી શકે છે, નિર્દોષ હોવાની રજૂઆત કરે અથવા તેઓ કોઈ કબુલાત ન કરે.

કેસના આધારે, એક નિર્ણય લેવામાં આવશે કે કેસની સુનાવણી મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં કરવી કે પછી ક્રાઉન કોર્ટમાં કરવી.

## આગળ શું થશે?




## સુનાવણી

જો આરોપી નિર્દોષ હોવાની રજૂઆત કરે તો જ સુનાવણી થશે. તમે સુનાવણી માટે રાહ જૂઓ છો ત્યારે, જો કોઈ ફેરફારો થશે તો વિટનેસ કેર યૂનિટ (WCU) તમને માહિતગાર રાખશે. આમાં જો આરોપી તેઓની કબૂલાતમાં બદલી કરે તેનો સમાવેશ થાય છે.

WCU તમને કઈ તારીખે કોર્ટમાં જવાનું છે તે જણાવશે. તમે પોલીસને કહી શકો છો કે તેઓ WCU સાથે તમારી સંદેશાવ્યવહારની યોજના શેર કરે કે જેથી તેઓ જાણી શકે કે તમે કેવી રીતે માહિતગાર રહેવા માંગો છો. ઉદાહરણ તરીકે, આ તમારા ઈન્ડિપેન્ડન્ટ સેક્સ્યુઅલ વાયોલન્સ એડવાઈઝર અથવા એડવોકેટ (ISVA) મારફત હોઈ શકે છે.

# પોલીસ નિર્ણયો અને કેસના પરિણામો

કેસની સુનાવણી ક્યાંતો મેજીસ્ટ્રેટસ કોર્ટમાં થશે કે જ્યાં જ્યુરી નહીં હોય, અથવા ક્રાઉન કોર્ટમાં થશે જ્યાં જાહેર જનતાના 12 સભ્યોની બનેલ એક જ્યુરી હશે. ક્રાઉન કોર્ટમાં સુનાવણીમાં, જ્યુરીને પુરાવા જોવા માટે કહેવામાં આવશે અને તેઓ નક્કી કરશે કે તેઓ શંકાસ્પદ વ્યક્તિ દોષિત છે તે વિશે ચોક્કસ છે કે નહીં.

ક્રાઉન કોર્ટ સુનાવણીઓ વિશે CPSની વેબસાઈટ ઉપર વધુ માહિતી માટે **QR કોડ સ્કેન કરો અથવા આ લિંકને અનુસરો**

આ કેસ વિશે કદાચ કોર્ટમાં ઘણી બધી સુનાવણીઓ થઈ શકે છે. તે કદાચ કોઈ તકનીકી બાબતો હોય અથવા આગળના પગલાં માટે તારીખો નક્કી કરવા માટે હોય.

આ સુનાવણીઓમાં તમારે હાજર રહેવું કે નહીં તે તમે પસંદ કરી શકો છો. સામાન્યરીતે આ માટે થોડીક મિનિટોનો સમય જ લાગે છે. જો આરોપી કહે છે કે તેઓ નિર્દોષ છે તો તેઓ નિર્દોષ હોવાની રજૂઆત કરે અને જ્યુરી મારફત સુનાવણી થાય તે વચ્ચે સમયની ઢીલ થઈ શકે છે. ખાસ પોલીસની ટીમ મારફત તમને ટેકો પૂરો પાડવામાં આવશે, સામાન્યરીતે આને વિટનેસ કેર યૂનિટ (WCU) કહેવામાં આવે છે.

## સમયપત્રકમાં ફેરફાર

કેટલીક વખત ટુંક સમયમાં સૂચના આપ્યા મારફત, સુનાવણીના સમયપત્રકમાં કદાચ ફેરફાર થઈ શકે છે. પીડિતો માટે આ મુશ્કેલ હોઈ શકે છે. સુનાવણી કદાચ બીજી તારીખ સુધી મુલતવી રાખવામાં આવે. કેટલીક વખત આ દરેક લોકો સુનાવણી શરૂ થશે તેવી અપેક્ષા રાખીને કોર્ટમાં હજર થાય તે જ દિવસે બને છે.

આરોપી કોઈપણ સમયે કદાચ, તેઓની સુનાવણી પહેલાં તેઓની રજૂઆત બદલીને તેઓ દોષિત હોવાનું કબુલે. જો સુનાવણી પહેલાં આમ થશે, તો સુનાવણી આગળ વધશે નહીં. જો તમે પુરાવા આપો તે પહેલાં આમ થશે, તો તમારે પુરાવા આપવાની જરુર રહેશે નહીં.

WCU તમારી સાથે આ સંભાવનાઓ વિશે વાતચીત કરી શકે છે અને ટેકો પૂરો પાડી શકે છે. તેઓ સુનાવણી પહેલાં તમારા માટે કોર્ટના મકાનની મુલાકાત લેવાની વ્યવસ્થા પણ કરી શકે છે કે જેથી તમે શું અપેક્ષા રાખવી તે જાણી શકો.

## સ્પેશ્યલ મેઝર્સ – ખાસ પગલાં

બળાત્કાર અથવા જાતીય હિંસાના એક પીડિત તરીકે તમે પુરાવા આપો ત્યારે ખાસ મદદ માટે અરજી કરી શકો છો. આને સ્પેશ્યલ મેઝર્સ – ખાસ પગલાં તરીકે ઓળખવામાં આવે છે.

બે ખાસ પગલાં છે કે જે સુનાવણી પહેલાં તમારા દરેક પુરાવા અથવા કેટલાક પુરાવા આપવામાં તમારી મદદ કરી શકે છે. વિડીયો રીકોર્ડેડ ઈન્ટરવ્યૂ અને વિડીયો રીકોર્ડેડ ઊલટતપાસ

સુનાવણી દરમિયાન પુરાવા આપવામાં મદદ કરવા માટે વધારાના ખાસ પગલાં છે. આમાં બેરીઅર સ્ક્રિન (અવરોધક પડદા)નો સમાવેશ થાય છે કે જેથી તમારે આરોપીને જોવા ન પડે અને તેઓ તમને જોઈ ન શકે, અને તમારા પુરાવા વિડિયો લિંક મારફત આપી શકો.

CPS તમારા વતી તમને મદદ કરી શકે તેવા ખાસ પગલાં માટે અરજી કરશે. આમાંથી ક્યા પગલાંનો ઉપયોગ કરી શકાય તે વિશે કોર્ટ અંતિમ નિર્ણય લેશે.

# પોલીસ નિર્ણયો અને કેસના પરિણામો

સ્પેશ્યલ મેઝર્સ વિશે CPSની વેબસાઈટ ઉપર વધુ માહિતી માટે મેળવવા માટે **QR કોડ સ્કેન કરો અથવા આ લિંકને અનુસરો.**

**જો તમે વિડીયો જોવાનું પસંદ કરતા હોવ તો આ QR કોડ સ્કેન કરો અથવા HM કોર્ટ્સ ઍન્ડ ટ્રિબ્યુનલ સર્વિસ દ્વારા મૂકેલા વિડીયો જોવા માટે આ લિંકને અનુસરો**

વિટનેસ કેર યૂનિટ (WCU), તમારા ISVA (જો તમારી પાસે એક હોય) અને તમારા પોલીસ ઓફિસર, આ તમામે તમારી સાથે ખાસ પગલાં વિશે વાતચીત કરવી જોઈએ. ખાસ પગલાંની સુનાવણી શરૂ થાય તે પહેલાં ગોઠવણ કરેલ હોવી જોઈએ.

## જો તમારે પુરાવા આપવાની જરુર પડે તો શું થાય છે

તમે બાકીની કોર્ટથી દુર એક જુદા રૂમમાં રાહ જોશો. જો તમારો વિડિયો રીકોર્ડેડ ઈન્ટરવ્યૂ ઈન્ટરવ્યૂ (VRI) મુખ્ય પુરાવા તરીકે રજૂ કરવામાં આવેલ હોય, તો પહેલાં તેને કોર્ટમાં બતાવવામાં આવશે. CPS પ્રોસિક્યુટર (ફરિયાદી) તમને કેટલાક આગળના સવાલો પૂછે. તમે તમારા પોલીસના નિવેદન અથવા ઈન્ટરવ્યૂને જોઈ શકશો કે જેથી તમે જવાબો આપો તે પહેલાં તમારી યાદદાશ્ત તાજી કરી શકો.

જો તમે મુખ્ય પુરાવા તરીકે તમારા VRIનો ઉપયોગ ન કરી રહ્યા હોવ, તો CPS પ્રોસિક્યુટર (ફરિયાદી) તમને શું થયું હતું તે વિશે સવાલો પૂછશે.

ત્યારપછી, શંકાસ્પદ વ્યક્તિના કાનૂની પ્રતિનિધી, સામાન્યરીતે એક બેરીસ્ટર, તમને વધારાના સવાલો પૂછશે અથવા તમે શું કહ્યું છે તેને પડકારશે. આને ક્રોસ-

એક્ઝામીનેશન એટલેકે ઊલટતપાસ કહેવામાં આવે છે. જો કોર્ટે અગાઉથી રેકોર્ડ કરવામાં આવેલ ઊલટતપાસ માટે મંજૂરી આપી હોય, તો આ મુખ્ય સુનાવણી પહેલાં કરવામાં આવશે અને કોર્ટમાં વિડિયો બતાવવામાં આવશે.

આરોપીના બેરીસ્ટર અથવા કાનુની સલાહકાર મારફત સવાલો પૂછવામાં આવે તો તે મુશ્કેલ અનુભવ હોઈ શકે છે. એ મહત્ત્વનું છે કે, સુનાવણીનો આ ભાગ પતે ત્યારે તમને ટેકો આપવા માટે કોઈ હાજર હોય, અને તે દિવસે ત્યાર પછી કોઈ કામ કરવાનું ન રાખો તો રાહત રહેશે.

સુનાવણી વિશે CPSની વેબસાઈટ ઉપર વધુ માહિતી માટે **QR કોડ સ્કેન કરો અથવા આ લિંકને અનુસરો.**

## જો આરોપી દોષિત હોવાનું કબૂલ કરે છે, અથવા જો જ્યુરી કહે કે આરોપી ગુનેગાર છે

આરોપીને સજા કરવામાં આવશે સજાની સુનાવણી કદાચ તરત જ થાય, અથવા જો કોર્ટને વધુ માહિતીની જરુર હોય તો ત્યાર પછીની તારીખે થાય.

ચુકાદા અને સજા વિશે CPSની વેબસાઈટ ઉપર વધુ માહિતી માટે **QR કોડ સ્કેન કરો અથવા આ લિંકને અનુસરો.**

# પોલીસ નિર્ણયો અને કેસના પરિણામો

## કોર્ટના કેસ વિંશે મ઼ીડીયાના હેવાલોમાં તમારુ નામ નહીં આપવામાં આવે.

તમારા કેસની વિગતો કદાચ મીડીયામાં જાહેર થાય, પરંતુ તમારી પાસે આજીવન નનામાં રહેવાનો હક છે. મીડિયા માટે, અથવા કોઈ અન્ય લોકો માટે, તમને એળખી શકાય તેવી માહિતીની જાહેરાત કરવી ગેરકાનૂની છે. આમાં સોશિયલ મીડીયાનો સમાવેશ થાય છે.

# અન્ય સંભવિત પરિણામો

## શંકાસ્પદ વ્યક્તિને તમારો સંપર્ક કરતાં અટકાવવા માટે સિવિલ ઓર્ડરનો ઉપયોગ કરવો

જો શંકાસ્પદ વ્યક્તિ અથવા આરોપી તમારો સંપર્ક કરવાનો પ્રયત્ન કરે અથવા તમારી પજવણી કરે, તમે અને પોલીસ એક સિવિલ ઓર્ડર માટે અરજી કરી શકો છો.

જુદા જુદા પ્રકારના સિવિલ ઓર્ડરો છે. મોટાભાગના શંકાસ્પદ વ્યક્તિ અથવા આરોપીને તમારો સંપર્ક કરતાં અટકાવવાનો પ્રયત્ન કરવા માટે છે.

સિવિલ ઓર્ડરો વિશે CPSની વેબસાઈટ ઉપર વધુ માહિતી માટે **QR કોડ સ્કેન કરો અથવા આ લિંકને અનુસરો.**

તમારા પોલીસ ઓફિસર, જેઓની **વિગતો આ માર્ગદર્શિકાના પાના ત્રણ** ઉપર છે, તેઓ તમારી સાથે વિકલ્પો વિશે વાતચીત કરી શકે છે. તમારા ISVA અથવા સપોર્ટ વર્કર પણ મદદ કરી શકે છે.

કેટલાક સિવિલ ઓર્ડરો અલમમાં મુકવામાં આવે તે કામ પોલીસનું છે, ઉદાહરણ તરીકે ડોમેસ્ટિક વાયોલન્સ પ્રોટેક્શન નોટીસ (DVPN) – ઘરેલું હિંસા સુરક્ષા નોટીસ જો પોલીસ શંકાસ્પદ વ્યક્તિ સામે આરોપ ન મુકવાનું નક્કી કરે તો તેઓ કેટલાક ઓર્ડરોનો ઉપયોગ કરી શકે છે. CPS, જો આરોપી નિર્દોષ જાહેર થયેલ હોય તો પણ એક સિવિલ ઓર્ડર, જેવાકે રીસ્ટ્રેઈનિંગ ઓર્ડર – પ્રતિબંધ હુકમ, સ્થાપિત કરવા માટે વિનંતી કરી શકે છે. તમે પોલીસની સામેલગીરી વગર કેટલાક સિવિલ ઓર્ડરો માટે અરજી કરવા માટે એક કાનૂની સલાહકારની સેવા પણ લઈ શકો છો.

તમે મફત અથવા પરવડી શકે તેવી કાનૂની સલાહ વિશે માહિતી માટે **QR કોડ સ્કેન કરો અથવા સીટીઝન્સ એડવાઈસની આ લિંકને અનુસરો.**

# અન્ય સંભવિત પરિણામો

## વળતર માટે અરજી કરવી

જ્યારે તમે બળાત્કાર અથવા જાતીય હિંસાનો પોલીસને રિપોર્ટ કરો છો ત્યારે તમે ક્રિમિનલ ઈન્જરીઝ કોમ્પન્સેશન સ્કિમ (CICS) પાસેથી કદાચ વળતર મેળવી શકશો.

આ પૈસા સરકાર પાસેથી આવે છે અને શંકાસ્પદ વ્યક્તિ અથવા આરોપી પાસેથી નથી આવતા. આ વળતર માટે અરજી કરવા માટે કોઇ ખર્ચ નહીં થાય.

તમને વળતર મળે તે માટે શંકાસ્પદ વ્યક્તિ અથવા આરોપી સામે આરોપ મુકવો અથવા તેઓને દોષિત ઠરાવવામાં આવે તે જરુરી નથી, પરંતુ યોગ્યતા માટેના નિયમો અને સમયમર્યાદા લાગુ પડે છે. મોટાભાગના કેસોમાં તમે અપરાધ બન્યાના બે વર્ષની અંદર અરજી કરી શકો છો. પરંતુ તેમાં કેટલાક અપવાદો છે

આ નિયમોની સમજૂતી માટે **QR કોડ સ્કેન કરો અથવા ક્રિમિનલ ઈન્ક્વાયરીઝ કોમ્પન્સેશન ઓથોરિટી (CICA)ની** વેબસાઈટની આ લિંકને અનુસરો.

વિક્ટિમ સપોર્ટ વેબસાઈટ ઉપર વળતર મેળવવા વિશે કેટલાક ઉપયોગી વિડિયો જોવા માટે **QR કોડ સ્કેન કરો અથવા આ લિંકને અનુસરો.**

તમે તમારા માટે અરજી કરવા માટે એક મિત્ર અથવા કુટુંબના સભ્યને પસંદ કરી શકો છો. તમે તમારા ઈન્ડિપેન્ડન્ટ સેક્સ્યુઅલ વાયોલન્સ એડવાઈઝર અથવા એડવોકેટ (ISVA) અથવા સપર્ટ વર્કર પાસેથી પણ સહાય અથવા મદદ મેળવી શકશો.

# ઉપયોગી સંપર્કો અને લિંક્સ

## પ્રતિસાદ કેવી રીતે આપવો અથવા ચિંતાઓ કેવી રીતે જણાવવી

જો તમને તમારા કેસ વિશે અથવા પોલીસ તેઓની તપાસ કેવી રીતે કરી રહી છે તે વિશે ચિંતાઓ હોય તો તમારા પોલીસ ઓફિસરને જણાવો. તમે આ માર્ગદર્શિકાની શરૂઆતમાં આપવામાં આવેલ સંપર્કની વિગતોનો ઉપયોગ કરીને તેઓને ઈમેઈલ અથવા ફોન કરી શકો છો. એક ISVA અથવા અન્ય સહાયક તમને આમ કરવામાં મદદ કરી શકે છે. જો તમારી પાસે હાલમાં ISVA સપોર્ટ ન હોય પરંતુ તમારે વધુ જાણકારી મેળવવી હોય તો **પૃષ્ઠ 10 વાંચો.**

જો પોલીસ ઓફિસર વિશે તમારે ચિંતા વ્યક્ત કરવી હોય, તો તેઓના સુપરવાઈઝરનો સંપર્ક કરો. તમારા પોલીસ ઓફિસરને તેઓના સુપરવાઈઝરની વિગતો માટે પૂછો અને તેની અહીંયા નોંધ કરો:

| | |
|---|---|
| સુપરવાઈઝરનું નામ: | |
| ઈમેઈલ એડ્રેસ: | |
| ફોન નંબર: | |

ઔપચારિક ફરિયાદ કરવા વિશે માહિતી **પૃષ્ઠ 51 ઉપર જોઈ શકાય છે**

તમને લાગે કે પોલીસ તમારી સાથે યોગ્ય વર્તન નથી રહ્યા તો , પિડિતની આચાર સંહિતા – વિક્ટિમ્સ કોડ હેઠળ તમને ફરિયાદ કરવાનો અધિકાર છે. આ સંહિતા જણાવે છે કે તમને નીચેના અધિકારો છે:

- તમારી સાથે આદર, ગરિમા, સંવેદનશીલતા અને કરુણાપૂર્વક વર્તણૂંક કરવામાં આવે.
- તમને ફરીથી પીડિત બનવા, તમને ધમકી અપાવા, અને બદલો લેવાથી સુરક્ષિત રાખવામાં આવે.

# ઉપયોગી સંપર્કો અને લિંક્સ

- તમારી ગોપનીયતાને સુરક્ષિત રાખવામાં આવે.
- ભેદભાવ વિના ફોજદારી ન્યાય પ્રક્રિયાને સમજવા અને તેમાં જોડાવામાં મદદ પૂરી પાડવામાં આવે.
- તમારા કેસ વિશે નિયમિતરૂપે માહિતગાર રાખવામાં આવે

**તમે QR કોડ સ્કેન કરીને અથવા gov.uk વેબસાઈટની આ લિંકને અનુસરીને** તમારા અધિકારોની પૂરેપૂરી યાદી મેળવી શકો છો

એક ઈન્ડિપેન્ડન્ટ સેક્સ્યુઅલ વોયલન્સ એડવાઈઝર અથવા એડવોકેટ (ISVA) અથવા અન્ય સહાયક તમને એક ફરિયાદ કરવામાં મદદ કરી શકે છે. જો તમારી પાસે હાલમાં ISVA સપોર્ટ ન હોય પરંતુ તમારે વધુ જાણકારી મેળવવી હોય તો **પૃષ્ઠ 10 વાંચો.**

પીડિત સર્વેક્ષણો મારફત સારા અને ખરાબ બંને અનુભવોની આપલે કરવાની અનૌપચારિક રીતો પણ છે. તમારા ISVA અથવા પોલીસ અધિકારીને પૂછો કે પોલીસ ફોર્સ પાસે હાલમાં પીડિત પ્રતિસાદ અથવા પીડિત અનુભવ સર્વે છે કે નહીં. આ સર્વેક્ષણના પરિણામો સમાન્ય રીતે દર વર્ષે સપોર્ટ સર્વિસીઝ સાથે જોડવામાં આવે છે અને તેની ચર્ચા કરવામાં આવે છે. આ પોલીસને સુધારા કરવા અને તેઓ જે સારું કરે છે તેના ઉપર આગળ કામ કરવા માટે મદદ કરશે.

## એક ઔપચારિક ફરિયાદ કરવી

તમે QR કોડ સ્કેન કરીને અથવા નીચેની લિંક અનુસરીને ઔપચારિક ફરિયાદ કરી શકો છો.

એક ઈન્ડિપેન્ડન્ટ સેક્સ્યુઅલ વાયોલન્સ એડવાઈઝર અથવા એડવોકેટ (ISVA) અથવા અન્ય સહાયક તમને ફરિયાદ કરવામાં મદદ કરી શકે છે.

ઓનલાઈન ફરિયાદ કરવા માટે **QR કોડ સ્કેન કરો અથવા આ લિંકને અનુસરો**

## તમારા પોલીસ એન્ડ ક્રાઈમ કમિશનર (PCC)

PCC પોલીસ બજેટ નક્કી કરવા અને તમારા સ્થાનિક વિસ્તારમાં પોલીસને જવાબદાર બનાવવા માટે જનતા મારફત ચુંટવામાં આવે છે.

| PCCની સંપર્કની વિગતો | |
|---|---|
| | |

# ઉપયોગી સંપર્કો અને લિંક્સ

## ઇન્ડિપેન્ડન્ટ ઓફિસ ફોર પોલીસ કોન્ડક્ટ (IOPS)

જો તમે તમારી ફરિયાદના પોલીસ પ્રતિભાવથી નાખશ હોવ, તો તમે સ્વતંત્ર સંસ્થા પાસેથી સમીક્ષાની વિનંતી કરી શકો છો.

IOPC એક સ્વતંત્ર સંસ્થા છે જે પોલીસ વિશેની ફરિયાદો પર દેખરેખ રાખે છે.

**વેબસાઈટ:** policeconduct.gov.uk

**ટપાલ મારફત:** PO Box 473, Sale, M33 0BW

**ફોન:** 0300 020 0096

ઈમેઈલ:enquiries@policeconduct.gov.uk

**ટેક્સ્ટ રીલે:** જો તમને વાતચીત માટે ટેક્સ્ટ રીલે સર્વિસની જરૂરિયાત હોય, તો મહેરબાની કરીને 18001 8104 1220 ઉપર કોલ કરો. આ સર્વિસનો ઉપયોગ કરવા માટે તમારે તમારા ફોન અથવા કોમ્પ્યુટર ઉપર રીલે UK એપ ઈન્સ્ટોલ કરવી પડશે.

**બ્રિટિશ સાઈન લેંગ્વેજ** વધુ માહિતી માટે ઈન્ક્વાયરીઝ ટીમ (પૂછપરછ ટીમ)નો સંપર્ક સાધો **enquiries@policeconduct.gov.uk**

# મદદ અને સ્થાનિક માહિતી

[વિક્ટીમ્સ કોડ]

[વિક્ટીમ સપોર્ટ માહિતી પોર્ટલ]

[ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ – બળાત્કાર અને ગંભીર જાતીય હુમલાનો ભોગ બનેલાઓ માટે માર્ગદર્શિકા]

[From Report to Court – A handbook – રિપોર્ટ આપવાથી કોર્ટ સુધી – એક માર્ગદર્શિકા]

[રાષ્ટ્રીય હેલ્પલાઈનો – જાતીય હિંસા]

[રાષ્ટ્રીય સહાય – ઘરેલુ હિંસા]

[સર્વાઈવર્સ હેન્ડબુક (વિમેન્સ એઈડ)]

## નોંધો


## નોંધો

## નોંધો

## નોંધો

## નોંધો

# નોંધો



**આ માર્ગદર્શિકા રાષ્ટ્રીય સંચાલન મોડલના ભાગ રૂપે બનાવવામાં આવી હતી.**

© College of Policing Limited (2026) C2293-0526